**સુવિચાર**

જ્ઞાન એ દોરો પરોવેલી સોય જેવું છે.
દોરો પરોવેલી સોય ખોવાતી નથી તેમ જ્ઞાન હોવાથી સંસારમાં ભૂલા પડાતું નથી.

:: સૌજન્ય ::
**નિલકંઠ જવેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૧/૧૨/૨૦૨૩, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી amreli express એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ કારતક વદ-૫ વર્ષ : ૧૫ અંક : ૨૮૯

**તદ્દન મફત/વિના મુલ્યે** આયુર્વેદિક વિભાગ દ્વારા આયોજીત કેમ્પ
૧ દિવસથી ૧૨ વર્ષનાં બધા બાળકોને શિબિરમાં ડ્રોપ્સ આપવામાં આવશે.

**પુષ્યનક્ષત્ર** ના શુભ અવસરે સુવર્ણપ્રાશન સંસ્કાર
દ્વારા આપના બાળકને આપો સંપૂર્ણ સ્વાસ્થ્યની **સૂવર્ણ ભેટ**
તા. ૦૧-૧૨-૨૦૨૩ શુક્રવાર
સમય : સવારનાં ૯ થી ૧, સાંજના ૫ થી ૮ સુધી

સુવર્ણપ્રાશન દરરોજ પણ આપી શકાય છે | વધુ માહિતી માટે રૂબરૂ મુલાકાત લો.



કેમ્પનું સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
**નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ** (ગોળ દવાખાનું)
ચિતલ રોડ, અમરેલી. મો. ૯૯૭૮૯ ૬૬૬૨૯

**આયુર્વેદ ઈમ્યુનાયઝેશન ફાયદાઓ**
- યાદશકિત અને ગ્રહણશકિતમાં વધારો
- આયુર્વેદીક રસીકરણ
- ઉંમર પ્રમાણે વજન અને ઉંચાઈનો વધારો
- પાચનશકિતમાં વધારો
- રોગપ્રતિકારક શકિત વધવાથી સીઝનલ રોગો ઓછા થવા
- મગજતેજ અને બાળક ઉત્સાહી બને

## વિકસિત ભારત / આઝાદીના ૧૦૦ વર્ષે નવા ભારતનો સંકલ્પ

# સાવરકુંડલાનાં બાઢડા ગામે આપણો સંકલ્પ વિકસિત ભારત યાત્રા યોજાઈ

**ગરીબ લોકોની સરકાર : પાંચ વર્ષ ગરીબોને મળશે મફત અનાજ**

**ઘર ઘર જળ મહત્વપૂર્ણ કામ તેના અંતિમ તબક્કામાં**

**આયુષ્યમાન ભારત યોજનાની સફળતાથી ગરીબોના આશીર્વાદ નરેન્દ્ર મોદી સાથે**

**દરેક તબક્કે સરકારનો માનવીય સહયોગનો અભિગમ : મહેશ કસવાલા**



સાવરકુંડલા, તા. ૩૦
કેન્દ્ર સરકારની કૃષિ ક્ષેત્રમાં હરણફાળ ભરી નવતર ટેકનોલોજીને વિકસિત ભારત યાત્રામાં અધિકારીઓ અને પદાધિકારીઓની વિશેષ ઉપસ્થિતિ વચ્ચે આપણો સંકલ્પ વિકસિત ભારત યાત્રા સંદર્ભે સાવરકુંડલાના બાઢડા ખાતે ડ્રોન દ્વારા નેનો યુરીયા ખાતરનો છંટકાવનું ડેમોસ્ટ્રેશન સાંસદ નારણભાઈ કાછડીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, ઈન્ચાર્જ કલેકટર દિનેશજી, ડેપ્યુટી કલેકટર ધારાબેન ભાલાળા, તાલુકા પંચાયતના પ્રમુખ જીતુભાઈ કાછડીયા, જિલ્લા પંચાયતના સદસ્ય પુનાભાઈ ગજેરા, શરદભાઈ ગોદાણી સહિતના નેતાઓની વિશેષ ઉપસ્થિતિ વચ્ચે આપણો સંકલ્પ વિકસિત ભારત તેમજ આઝાદીના ૧૦૦ વર્ષે નવા ભારતના સંકલ્પ સાકાર કરવાના દ્રઢ નિશ્ચયથી ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ કેન્દ્ર સરકાર દ્વારા ગરીબલક્ષી યોજનાઓ થકી છેવાડાના

**અનુસંધાન પાના ૬ ઉપર**

## ત્રણ દિવસ પહેલાની ઘટનાનાં અંતે

# અમરેલીનાં રોકડીયાપરા નજીક અજાણ્યા વાહને હડફેટે લેતા રાહદારી પ્રૌઢનું મોત

**રાજકોટ ખાતે સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા**

અમરેલી, તા. ૩૦
અમરેલી નજીક અજાણ્યા વાહનની હડફેટે ઘવાયેલા પરપ્રાંતિય પ્રૌઢનું રાજકોટ ટૂંકી સારવારમાં મોત નિપજતા શ્રમિક પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

પ્રાપ્ત વિગત મુજબ અમરેલીમાં રહેતા મદનભાઈ સુન્દરભાઈ ભીલવા (ઉ.વ. ૪૫) ગઈ તા. ૨૭/૧૧નાં સાંજના સાત વાગ્યે

**અનુસંધાન પાના ૬ ઉપર**

## આઠ-આઠ પ્રયત્નો કર્યા છતાં સફળતા મળતી નથી

# અમરેલીમાં અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીને કુમાર છાત્રાલય બનાવવા ભાડાનું મકાન મળતું નથી

**નવું મકાન, ભાડાની દરખાસ્ત બધુ જ સરકારમાં વિચારાધીન છે**

અમરેલી, તા. ૩૦
અમરેલીમાં આવેલ ડો. બાબાસાહેબ આંબેડકર સરકારી કુમાર છાત્રાલય ઘણા સમયથી બંધ હોય સામાજિક કાર્યકર્તા કાંતિલાલ પરમારે છાત્રાલય શરૂ કરવાની માંગ કરેલ. જે અંગે "અમરેલી એકસપ્રેસ" દૈનિકમાં અહેવાલ પ્રસિધ્ધ થયેલ.

જેને લઈને અમરેલીની અનુ.જાતિ કલ્યાણ કચેરીનાં નાયબ નિયામકે ખુલાશો આપતા જણાવેલ છે કે, ડો. બાબાસાહેબ આંબેડકર સરકાર કુમાર છાત્રાલય અમરેલીનું બિલ્ડીંગ નવું બનાવવા અંગે કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન વિભાગ અમરેલી પાસેથી બ્લોક અંદાજો મેળવેલ હોય અને હાલ તે સરકારમાં મંજૂરી અર્થે રજૂ કરેલ છે.

હાલમાં કચેરી તરફથી ડો. બાબાસાહેબ આંબેડકર સરકાર કુમાર છાત્રાલય અમરેલી માટે ભાડાનું મકાન મેળવવા માટે ૮ પ્રયત્નો કરવામાં આવેલ છે અને ખાનગી મકાન ભાડાની દરખાસ્ત મેળવી અત્રેની કચેરી ધ્વારા સરકારમાં મંજૂરી અર્થે મોકલી આપવામાં આવેલ છે. જે મંજૂરી મળ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે તેમ અંતમાં જણાવેલ છે.

**ડૉ. પિયુષ વી. ગોસાઈ**
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
**શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર**
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮
સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ▪ પ્રસુતિ પછીની તપાસ (PNC) ▪ નોર્મલ ડીલેવરી ▪ સીઝેરીયન ડીલેવરી ▪ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ▪ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ▪ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ▪ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ▪ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ▪ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ▪ IUI ફેસીલીટી ▪ IVF માટે સલાહ.

Krishna DINING HALL
**ક્રિષ્ના ડાઈનીંગ હોલ**
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પૂરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
ફેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૭૨

હાઉસફુલ... જાદુગર વૈતાલ... હાઉસફુલ...
દર રવિવારે બે શો.... ૬:૦૦ તથા ૯:૩૦ કલાકે
ઠંડી ના લાગે તેવા તંબુમાં નિહાળો...
સમીર પટેલ પ્રસ્તુત
મેજીક ઓફ ઈન્ડિયા
દરરોજ રાત્રે ૯:૩૦ કલાકે
સ્થળ : મ્યુનિ.ગર્લ્સ સ્કૂલ નાગનાથ મંદિર પાસે, અમરેલી.









સ્થળ ઉપર એડવાન્સ બુકિંગનો સમય
સાંજે ૪ થી ૬ તથા રવિવારના શો નું બુકિંગ બપોરના ૨:૦૦ થી ૫:૦૦ સુધી
ટીકીટના દર
વી.આઈ.પી. રૂા. ૧૫૦ ▪ ફર્સ્ટ કલાસ રૂા. ૧૦૦
સેકન્ડ કલાસ રૂા. ૭૦
ગ્રુપ શો, ચેરીટી શો તેમજ સામાજીક સંસ્થાના શો માટે સંપર્ક કરો. મો. ૭૩૫૯૮ ૦૦૧૪૧
બહારગામથી ૧૫ પેસેન્જર લઈ આવનાર વાહનના ડ્રાઈવરને ફ્રી પ્રવેશ આપવામાં આવશે

# ખડેપગે ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓનું ૨૪×૭ ગૃપ દ્વારા અભિવાદન






સરકારના વિવિધ વિભાગોના મોટા અધિકારીઓને તો લોકો તરફથી માન–સન્માન હંમેશા મળતું રહે છે અને વિભાગની સારી કામગીરી બદલ ઉપરી અધિકારીઓની વાહ વાહ પણ થતી હોય છે પણ તંત્રની કોઈ શાખા કે વિભાગની કામગીરીની સફળતા પાછળ તેના નામ – ચહેરાની ઓળખ વગરના અનેક નાના કર્મચારીઓની નિષ્ઠા અને દિવસ રાતનો પરિશ્રમ ખુબજ મહત્વનો ભાગ ભજવતો હોય છે. એમા પણ આવશ્યક ગણાતી સેવાઓ કે જેમાં કર્મચારીઓએ ઓફિસ અવર્સ સિવાય પણ ડયુટી બજાવવાની હોય છે તેવા વિભાગના કર્મચારીઓને તહેવારોના સમયમાં પોતાના ઘર–પરિવારથી દૂર રહી ફરજ બજાવવાની આવે છે. લોકો પોતાના તહેવારો પોતાના પરિવાર સાથે આનંદથી અને શાંતિથી ઉજવી શકે તે માટે એવા વિભાગોના કર્મચારીઓ ખડે પગે દિવસ રાત જોયા વિના ફરજ બજાવે છે. આવા વિવિધ વિભાગોના નાના કર્મચારીઓનું અભિવાદન કરવાના વિચાર સાથે ૨૪×૭ ગૃપ દ્વારા વિદ્યુત વિભાગના ફીલ્ડમાં કામ કરતાં લાઈનમેનોનું સન્માન કરાયા બાદ, અમરેલી શહેરના કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ, એ.એસ.આઈ. તથા ડ્રાયવરોનું અભિવાદન કરવામાં આવ્યું.અમરેલી શહેર પોલીસ સ્ટેશનના પ્રાંગણમાં તા. ૨૩/૧૧/ના ગુરૂવારે સાંજે અમરેલી પી.આઈ. વાઘેલાની ઉપસ્થિતિમાં અમરેલીના ૨૪×૭ ગ્રુપના ડો. ભરતભાઈ કાનાબાર, વેપારી અગ્રણી યોગેશભાઈ કોટેચા, હરેશભાઈ સાદરાણી, બીપીનભાઈ ગાંધી, ટોમભાઈ અગ્રાવત, કિરણભાઈ નાંઢા, દિનેશભાઈ બેદી તથા એડવોકેટ ચેતનભાઈ રાવળ દ્વારા અમરેલી શહેરના ૭૦ જેટલા પોલીસ કર્મચારીઓનું અભિવાદન કરાયું હતું તથા શુભેચ્છાના પ્રતીક રૂપે ૧ કીલો ઓર્ગેનીક ગોળ આપવામાં આવેલ. અમરેલીના એસ.પી. હિંમકરસિંધે આ કામ માટે ડો. ભરત કાનાબારને ટેલીફોનીક અભિનંદન આપ્યા હતા.

### નિરાધારનો આધાર અને સૌ માટે અર્ધીરાતનાં હોંકારા સમાન

## સાવરકુંડલાનાં ભાજપ અગ્રણી અને સેવાભાવી અગ્રણી ઘનશ્યામ ડોબરીયાનો આજે જન્મદિવસ

### મિત્રો, શુભેચ્છકો દ્વારા મો. નં. ૯૪૨૬૨ ૧૪૧૮૦ પર અભિનંદનવર્ષા

અમરેલી, તા. ૩૦

સાવરકુંડલાનાં ભાજપ અગ્રણી, ડાયમંડ સેલનાં જિલ્લા ચેરમેન, ભોજલરામ સંસ્થાના અગ્રણી અને ભોજલરામ જયંતી મહોત્સવની ઉજવણીનાં પ્રણેતા, ગરીબોના બેલી, નિરાધારનો આધાર અને સૌ કોઈ માટે



અર્ધી રાતનાં હોંકારા સમાન ઘનશ્યામભાઈ ડોબરીયા આજે ૫૪ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા હોય મિત્રો, શુભેચ્છકો ધ્વારા મોબાઈલ નંબર ૯૪૨૬૨ ૧૪૧૮૦ પર અભિનંદનવર્ષા કરવામાં આવી રહી છે.

## અમરેલી શહેર ભાજપના મહામંત્રી રાજેશ માંગરોળીયાનો આજે જનમદિવસ

અમરેલી, તા. ૩૦

અમરેલીનું એક એવું યુવા વ્યકિતત્વ કે જે રાજકીય, ધાર્મિક, સામાજિક, સહકારી તેમજ વિવિધ સંસ્થાઓ સાથે જોડાઈને હંમેશા સેવારત રહે છે. અનેક યુવાનોને રોજગાર આપતી અમર ડેરીના તેઓ ડિરેકટર છે.

આ ઉપરાંત રાધા રમણ બોર્ડ ટેમ્પલના વાઈસ ચેરમેન પણ છે. સારહી યુથ કલબ ઉપરાંત અનેક સંસ્થાઓ સાથે જોડાઈને હંમેશા સેવા કાર્યોમાં સહભાગી થાય છે.

બહોળુ અને વિશાળ મિત્ર વર્તુળ ધરાવતા રાજેશ



માંગરોળીયાનો આજે જન્મદિવસ હોય માટે તેમના શુભેચ્છક મિત્રો મોબાઈલ નંબર ૯૬૮૭૨ ૭૭૦૭૭ પર શુભેચ્છાઓ આપી રહયા છે.

### આગામી ૨૪ ડિસેમ્બરનાં રોજ આયોજન

## અમરેલી ખાતે સિપાઈ સમાજ દ્વારા તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે

### સરકારી નોકરી મેળવનારને પણ સન્માનીત કરાશે

અમરેલી, તા. ૩૦

સિપાઈ સમાજ ટ્રસ્ટ – ગુજરાત સ્તરનો સિપાઈ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો તેમજ રમત ગમત તથા સાસ્કૃંતિક પ્રવૃતિઓમાં જિલ્લામાં, રાજય કે રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ ત્રણ નંબર પર સિધ્ધિ પ્રાપ્ત કરેલ યુવાઓ અને ફકત પાસ થયેલા દિવ્યાંગ વિદ્યાર્થીઓ તથા સરકારી કે અર્ધસરકારી નોકરી પ્રાપ્ત કરનાર યુવાઓનો પાંચમો સન્માન સમારોહ અમરેલી મુકામે તારીખ ૨૪/૧૨/૨૦૨૩ રવિવારના રોજ બપોરના ૦૧:૦૦ થી ૦૬:૦૦ દરમિયાન આયોજિત કરવામાં આવેલ છે.

માત્ર શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ માં ધોરણ ૮ અને ૯ માં ૮૦% કે તેથી વધુ ધોરણ ૧૦,૧૧,૧૨ કોમર્સ/ આર્ટસમાં ૬૦% કે ધોરણ ૧૧,૧૨ સાયન્સમાં ૫૦% કે તેથી વધુ ,કોલેજમાં કે અન્ય ફેકલ્ટીમાં તથા ગ્રેજયુએશન કે પોસ્ટ ગ્રેજયુએશનમાં ૫૦% કે તેથી માર્કસ સાથે પૂર્ણ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓએ માર્કશીટની નકલ પાછળ પોતાનું પુરૂ નામ,સરનામુ, પોતે જે સિપાઈ જમાતમાં હોય તેનું નામ, વિધાર્થી કે વાલીનો મોબાઈલ નંબર તથા એક પાસપોર્ટ સાઈઝનો ફોટો પાછળ નામ અને મોબાઈલ નંબર લખી તા. ૩/૧૨/૨૦૨૩ સુધીમાં સિપાઈ સમાજ ટ્રસ્ટ–ગુજરાતનાં કાર્યકરો અથવા સિપાઈ સમાજ ટ્રસ્ટનાં કાર્યાલય પર પહોચાડી રિસીપ્ટ મેળવી લેવાની રહેશે.

જે સિપાઈ ભાઈ કે બહેને જિલ્લા, રાજય કે રાષ્ટ્રીયકક્ષાએ રમત ગમત અને સાંસ્કૃતિક પ્રવૃતિઓમાં પ્રથમ,દ્વિતિય કે તૃતિય નંબર મેળવેલ હોય તેમનું પણ સન્માન કરવામાં આવનાર હોય તેમણે પણ પોતાની સિધ્ધિના પ્રમાણપત્ર પાછળ આખુ નામ,ગામ, મોબાઈલ નંબર અને જે સિપાઈ જમાતમાં હોય એ સિપાઈ જમાતનું નામ લખી સિપાઈ સમાજ ટ્રસ્ટના કાર્યાલયે અથવા કાર્યકરોને આપવાના રહેશે. તેમજ ૧–૧૧–૨૦૨૨ થી ૧–૧૨– ૨૦૨૩ સુધીમાં સરકારી કે અર્ધસરકારી ખાતાઓમાં કાયમી નોકરી મેળવનાર સિપાઈ યુવક/યુવતીઓનું સન્માન કરવાનું હોવાથી તેમણે પણ (જેમનું અગાઉના વર્ષોમાં સન્માન થયેલુ ન હોય તેવા યુવાઓ) પોતાનું પુરૂ નામ,ફોટો અને જેતે સરકારી/ અર્ધ સરકારી ખાતા તરફથી આપવામાં આવેલ કાયમી નિમણુંક ઓર્ડરની નકલ, હોદો અને સ્થળ અંગેની તમામ વિગતો તથા પોતાનું સરનામુ અને મોબાઈલ નંબર કાર્યાલયના સરનામે અથવા સિપાઈ સમાજ ટ્રસ્ટ ગુજરાતના કાર્યકરોને આપી રિસીપ્ટ મેળવી લેવાની રહેશે. આ સન્માન સમારોહમાં ભાગ લેનાર વિધાર્થીઓએ તથા યુવાઓએ પ્રોત્સાહન ઈનામ/ ભેટ–શિલ્ડ મેળ વવા માટે જાતે પ્રોગ્રામમાં તા. ૨૪–૧૨– ૨૩ ના બપોરે ૦૧–૦૦ વાગ્યા સુધીમાં હાજર રહેવું ફરજિયાત છે. મોડા આવનાર કે ગેર હાજર રહેનાર વિદ્યાર્થીઓને કે તેમનાં સગા– સંબધીઓને શિલ્ડ કે પ્રોત્સાહન ઈનામ આપવામાં આવશે નહિ.

### કપિલે ઈન્ડિગોને કહ્યું કે તમને શરમ આવવી જોઈએ

## કપિલ શર્મા ઈન્ડિગો એરલાઈન પર ગુસ્સે થયો

મુંબઈ, તા.૩૦

કોમેડિયન કપિલ શર્માએ બુધવારે 'ઈન્ડિગો' એરલાઈનની સર્વિસ પર ગુસ્સો વ્યક્ત કર્યો હતો. તેમણે પ્રવાસમાં વિલંબ અને મેનેજમેન્ટના અભાવનો આક્ષેપ કર્યો હતો. ઈન્ડિગો દેશની સૌથી મોટી કોમર્શિયલ એરલાઈન તરીકે જાણીતી છે. પરંતુ કપિલ શર્માને આ એરલાઈન્સ સાથે મુસાફરી કરતી વખતે ખૂબ જ ખરાબ અનુભવ થયો હતો. તેણે આ અંગે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ લખીને પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો છે. આ પ્લેનમાંથી મુસાફરી કરતા મુસાફરોને લગભગ એક કલાક સુધી રાહ જોવી પડી હતી. આશ્ચર્યની વાત એ છે કે પ્લેનનો પાયલોટ ટ્રાફિકમાં ફસાઈ જતાં મુસાફરોને એક કલાક સુધી બેસી રહેવું પડ્યું હતું. કપિલે સોશિયલ મીડિયા પર કેટલાક મુસાફરોના વીડિયો પણ પોસ્ટ કર્યા છે. જેમાં ગુસ્સે ભરાયેલા મુસાફરો એરલાઈન સ્ટાફ સાથે મારપીટ કરતા જોવા મળે છે. પ્રિય ઈન્ડિગો, પહેલા તમે અમને ૫૦ મિનિટ રાહ જોવડાવો અને પછી તમારી ટીમ અમને કહે છે કે પાઈલટ ટ્રાફિકમાં ફસાઈ ગયો છે. શું ખરેખર? અમારી ફલાઈટ રાત્રે ૮ વાગ્યે શરૂ થવાની હતી. પરંતુ હવે ૯.૨૦ છે અને હજુ પણ પાઈલટ આવ્યો નથી. શું તમને લાગે છે કે આ ૧૮૦ પેસેન્જરો જેમને તમારા કારણે તકલીફ પડી છે તેઓ ફરી ઈન્ડિગો સાથે મુસાફરી કરશે? ''ક્યારેય નહીં'', કપિલે પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો. આ પછી કપિલે બીજો વીડિયો પોસ્ટ કર્યો, જેમાં મુસાફરોને પ્લેનમાંથી ઉતારવામાં આવી રહ્યા છે. ''હવે તેઓ વિમાનમાંથી મુસાફરોને બહાર કાઢી રહ્યા છે અને કહી રહ્યા છે કે તેઓ તેમને બીજા વિમાનમાં મોકલશે. પરંતુ હવે અમારે ફરીથી ટર્મિનલ પર સુરક્ષા તપાસમાંથી પસાર થવું પડશે. તમારા કારણે લોકોને તકલીફ પડી રહી છે અને ઈન્ડિગો અમારી સાથે ખોટું બોલી રહી છે. મુસાફરોમાં કેટલાક વૃદ્ધો અને કેટલાક વ્હીલચેરમાં છે, જેમની તબિયત સારી નથી. તમને ખરેખર શરમ આવવી જોઈએ', કપિલે ફરિયાદ કરી. કપિલે ઈન્ડિગો એરલાઈનના અધિકારીઓને પણ 'X' પર ટેગ કર્યા છે. તેણે ઉલ્લેખ કર્યો કે ચેન્નાઈથી મુંબઈની મુસાફરી દરમિયાન તેણે આ તકલીફ સહન કરવી પડી હતી. આ પહેલીવાર નથી જયારે કોઈ એરલાઈન્સ દ્વારા મુસાફરોને આ રીતે અસુવિધા થઈ હોય. આ પહેલા પણ ઘણી સેલિબ્રિટીઓએ આ રીતે અનુભવ કર્યો છે. ત્યારબાદ તેણે સોશિયલ મીડિયા દ્વારા એરલાઈન્સને ફરિયાદ કરી. કપિલ શર્માની પોસ્ટ પર નેટીઝન્સે પ્રતિક્રિયા આપી અને એરલાઈન પર પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો.

## અમરેલી : ગજેરા સ્કૂલનાં વિદ્યાર્થીને હેન્ડબોલ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ

સાવરકુંડલા, તા. ૩૦

અમરેલીની ગજેરા સ્કૂલના વિદ્યાર્થીએ રાજયકક્ષાની અંડર ૧૪ ની હેન્ડબોલ સ્પર્ધામાં મેદાન મારીને ગોલ્ડ મેડલ જીતતા અમરેલી જિલ્લાનું નામ રાજયભરમાં અવ્વલ લાવીને જળ હળતું કર્યું છે. ૬૭ મી અખિલ ભારતીય શાળાકીય રમતોની સ્પર્ધા (એસ.જી.એફ.આઈ.) અન્ડર–૧૪ ભાઈઓની રાજય કક્ષાની હેન્ડબોલ સ્પર્ધાનું આયોજન માણસા ગાંધીનગર ખાતે થયેલ. જેમાં અમરેલી ગજેરા સ્કૂલની ટીમે ખૂબજ સારું પ્રદર્શન કરી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. ગજેરા સ્કૂલની ટીમમાં સીદી રેહાન ફારૂકભાઈની જળહળતી સિદ્ધિને કારણે નેશનલ કેમ્પમાં પણ રેહાન સિદીનું સિલેકશન થયેલ છે.



ભાવનગરવાળા તરીકે જાણીતા અને સાવરકુંડલા આઝાદ ચોકમાં પ્રસિદ્ધ ભેસુંવાળા મલેકના ભાણિયા ફારૂકભાઈ સિદીના દીકરા રેહાને રાજયભરમાં ડંકો વગાડી અમરેલી જિલ્લા સાથે સાવરકુંડલાનું ગૌરવ વધાર્યુ છે.

## લીલીયાનાં પત્રકાર હનીફ કાતીયારનો આજે જન્મદિવસ

લીલીયા મોટા, તા. ૩૦

લીલીયા મોટાનાં હનીફ ક તીયારે સ્વાભિમાન ભારત વિકલી પેપરથી શરૂઆત કરી સંજોગ ન્યૂઝ, સીટી વોચ, આર.ડી. ન્યૂઝ તેમજ ન્યૂઝ ફોર ઈન્ડિયામાં હાલ લીલીયા તાલુકાનાં પ્રશ્નોને વાચા આપી રહ્યાં છે. ગામના કાર્યો તેમજ સમાજનાં કાર્યમાં અડધી રાતનો હોંકારો સમાન હનીફ કાતીયારને મિત્ર સર્કલમાં ૯૭૨૬૪ ૩૯૬૦૧ પર અભિવાદન આપી રહ્યાં છે.



# ચલાલા : હરિબા મહિલા કોલેજની દિકરીઓ માટે નવી અધતન મહિલા હોસ્ટેલ ખુલ્લી મુકાઈ



ચલાલા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા અનેક સેવાકીય કાર્યો થઈ રહ્યાં છે. જેમાં ધારી રોડ ખાતે દિકરીઓ માટે હરીબા મહિલા કોલેજ છેલ્લા ત્રણ વર્ષથી કાર્યરત છે. જેમાં દિકરીઓ માટે બી.એ., બી.કોમ., બી.સી.એ. અને બી.પી.ઈ.એસ. (સ્પોર્ટસ) જેવા અભ્યાસક્રમોમાં દિકરીઓ ભણી આગળ વધી રહી છે. જયારે કોલેજ બિલ્ડીંગની બાજુમાં આજરોજ દિકરીઓ માટે અદ્યતન ત્રિવેણીબા મહિલા હોસ્ટેલનું શુભ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ હોસ્ટેલ માટે દાતા કનુભાઈ તથા હંસાબેન તેજુરા પરીવાર અમેરિકા તરફથી સંપૂર્ણ ખર્ચ પ્રાપ્ત થયો હતો. તેમજ ઉદ્ઘાટન સમારોહમાં આદરણીય કનુભાઈ તેજુરા, હંસાબેન તેજુરા, તપસભાઈ તેજુરા, રુપાબેન તેજુરા, ઈશાન અને સરિના સહિત બધા અમેરિકાથી ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. તેમજ સંસ્થાનાં વડા પૂ. રતિદાદા, લાલજી કાકા, ભારત ભૂષણ મહેશભાઈ મહેતા સહિત આવેલ મહેમાનોનું સ્વાગત સન્માન કર્યું તું અને દિપ પ્રાગટય કરી હોસ્ટેલ બિલ્ડીંગ ખુલ્લું મુકવામાં આવ્યું હતું. તેમજ આ બિલ્ડીંગમાં જે–જે કામગીરી કારીગરોએ કરી હોય તે તમામ કારીગરોનું સન્માન કરવામાં આવ્યું હતું. અને સત્ય સાઈબાબાની જન્મજયંતીની પણ ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા કોલેજનાં ડાયરેકટર ભારત ભૂષણ મહેશભાઈ મહેતા, આચાર્ય શીતલ બેન મહેતા તથા સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

## અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં અમુક વેપારીઓ બેખૌફ બન્યા

# નફાખોરો, સંગ્રહખોરો અને મિલાવટખોરોને મોજેમોજ

### દૂધ, માવો, પનીર સહિત અનેક ખાદ્ય સામગ્રીમાં વ્યાપક પ્રમાણમાં મિલાવટ પકડાઈ રહી છે

### બનાવટી ENO, ઓઈલ સહિતની અનેક બનાવટોમાં પણ મિલાવટ થઈ રહી છે

### અવારનવાર શાકભાજી, અનાજ, કઠોળ, શીંગતેલનાં ભાવો વધતા હોય નફાખોરો અને સંગ્રહખોરો જવાબદાર

### રાજયમાં વિશાળ વહીવટીતંત્ર હોવા છતાં પણ બેઈમાની કરતાં શખ્સોને કોઈનો ડર નથી

અમરેલી, તા. ૩૦

દેશનાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ચૂંટણીની જાહેરસભામાં કહી ચુકયા છે કે "સરકાર ગરીબો માટે હોય છે" કારણ કે ગરીબોને લૂંટતા અટકાવવા માટે સરકાર પાસે વિશાળ તંત્ર હોય છે અને ગરીબોની સુરક્ષા, સેવા એજ ખરા અર્થમાં દેશ સેવા માનવામાં આવે છે. કારણ કે સુખી–સંપન્ન વ્યકિતઓ સાથે છેતરપીંડી, વિશ્વાસઘાત કરવા માટે મોટાભાગે કોઈ તૈયાર થતું નથી, તેઓ બધી જ રીતે પહોંચતા હોવાથી તેની સાથે કોઈ છેતરપીંડી કરે નહી તે સમજી શકાય તેમ છે. પરંતુ ગરીબોની સાથે મોકો મળે એટલે નફાખોરો, સંગ્રહખોરો અને મિલાવટખોરો છેતરપીંડી કરે જ અને તગડો નફો મેળવી લે.

અમરેલી જિલ્લા સહિત રાજયભરમાં છેલ્લા એક મહિનામાં હજારો કિલો બનાવટી દૂધનો માવો, પનીર સહિતની ખાદ્ય સામગ્રી ઝડપાઈ ચુકી છે અને ENO જેવા પાઉચ કે ઓઈલનાં બનાવટી પાઉચો પણ ઝડપાઈ રહ્યા છે. બનાવટ ખોરો, મિલાવટખોરો જલ્દી અમીર થઈ જવાની લાલચમાં મનફાવે તે ચીજ વસ્તુઓમાં મિલાવટ કે બનાવટ કરતાં જોવા મળી રહ્યા છે.

મિલાવટખોરો જેવો ત્રાસ નફાખોરોનો પણ વધી રહ્યો છે. ગરીબ પરિવારને તેલ, ઘી થી લઈને સોના–ચાંદીના ભાવમાં પણ છેતરવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે. શહેરી કરતા ગ્રામ્ય વિસ્તારમાં વજનમાં ગોલમાલ થતી હોવાનાં પણ બનાવો બની રહ્યા છે.

તદુઉપરાંત સંગ્રહખોરો પણ શાકભાજી, ફ્રૂટ, કઠોળ, વિવિધ પ્રકારનાં તેલનો સંગ્રહ કરીને બજારમાં કૃત્રિમ તેજી ઉભી કરે અને ભાવમાં વધારો થાય એટલે તેનું વેચાણ શરૂ કરીને તગડો નફો મેળવી લે છે અને ઉપરોકત તમામ પ્રકારની ગેરરીતિનો શિકાર ગરીબો, શ્રમિકો બનતા હોય છે.

બીજી તરફ મિલાવટખોરો, સંગ્રહખોરો કે નફાખોરોને ડામવા સરકાર પાસે ફૂડ, તોલમાપ, આરોગ્ય, પોલીસ, પુરવઠા સહિતનું વિશાળ તંત્ર હોય છે. હજારો કર્મચારીઓ હોવા છતાં પણ મુઠ્ઠીભર શખ્સો લાખો પરિવારોનાં ખિસ્સા ખંખેરીને તેના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા હોય મુખ્યમંત્રીએ આ બાબતે લાગતા–વળગતા વિભાગને મિલાવટ ખોરો, નફાખોરો, સંગ્રહખોરો વિરૂધ્ધ કડક પગલાં લેવા આદેશ આપતો જોઈએ તેવી માંગ ઉભી થઈ છે.

## લીલીયામોટા : પીએસઆઈ એસ.આર. ગોહિલ શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માનિત



લીલીયા, તા. ૩૦

લીલીયા મોટા ના પી.એસ.આઈ. એસ આર ગોહિલને અમરેલી એસપી કચેરી ખાતે જિલ્લા પોલીસ વડા હિંમકરસિંઘ તરફથી લીલીયા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ની સારી અને પ્રશંસનીય કામગીરી જેમાં લીલીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુંદર કામગીરી તેમજ લોક ઉપયોગી વિવેકાનંદ વાટિકા દિવાળી ના તહેવારોમાં સતત પેટ્રોલિંગ તથા કાયદો વ્યવસ્થાની જાળવણી સુંદર કામગીરી કરવા બદલ એસ.પી. હિમકર સિંઘ દ્વારા પ્રશંસા પત્ર એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવતા લીલીયા વિસ્તારની જનતામાં આનંદની લાગણી છવાઈ ગયેલ છે સાથે પીએસઆઈ ગોહિલ પર અભિનંદનની વર્ષાનો ધોધ વહેવા પામેલ છે અને આવી સુંદર કામગીરી કરતા રહેવા લીલીયાની જનતા તરફથી શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે. તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

## ભાજપ અગ્રણી ડો. ભરત કાનાબાર મદદે આવ્યા

# ઉત્તરકાશીમાં ટનલ ફસાયા બાદ પરત ફરેલ શ્રમિકો વિનામૂલ્યે સોલાર પેનલ અપાશે

### ગોલ્ડી સોલારનાં એમ.ડી. ઈશ્વરભાઈ ધોળકીયાએ ખાત્રી આપી

અમરેલી, તા. ૩૦

ઉતરકાશીમાં આવેલ સિલકયારા ટનલમાં ફસાયેલા ૪૧ જેટલાં શ્રમિકોને સફળતા પુર્વક બહાર લાવવાનું સિલક્યારા ઓપરેશન દેશનું સેથી લાંબુ રેસ્કયુ ઓપરેશન બની ગયું છે. જેમાં સખત મહેનતના અંતે સતર દિવસ બાદ સિલક્યારા ટનલમાં ફસાયેલા ૪૧ જેટલાં શ્રમિકોને સફળ તા પુર્વક બહાર લાવવાનું કાર્ય સંપન્ન થયેલ છે.



જયારે આ સિલક્યારા ઓપરેશનમાં મશીનથી ડ્રિલિંગ કરવાનું અશકય બન્યુ હતું. ત્યારે ૧૨ રેટ માઈનર્સ– મુન્ના કુરેશી, સૌરભ, મોનુ, વકીલ હસન, જતીન, નસીમ, ઈરશાદ, રાશીદ, અંકુર, નસીર, દેવેન્દ્ર, ફિરોઝ–દ્વારા સતત ૨૬ કલાક મેન્યુઅલી–માત્ર હાથથી ડ્રિલિંગ કરી લગભગ ૧૨ મીટર જેટલો કાટમાળ હટાવ્યો હતો. આ રેસ્કયુનાં એ ખરા હીરો સાબિત થયા. હતાં.

ખુબ જ સાંકડી અને અંધારી જગ્યામાં બેસી ખુબ જ ઓછા ઓકિસજન વચ્ચે ડ્રિલિંગ કરવું ખુબ જ જોખમી હોવા છતાં સતત ૨૬ કલાક મેન્યુઅલી – માત્ર હાથથી ડ્રિલિંગ કરી લગભગ ૧૨ મીટર જેટલો કાટમાળ હટાવવાની કામગીરી કરનારા આ રેટ માઈનર્સનું પણ યોગ્ય સન્માન કરવા માટે અમરેલી જિલ્લા ભાજપના પુર્વપ્રમુખ ડો. ભરત કાનાબારે ગોલ્ડી સોલારના એમ.ડી. ઈશ્વરભાઈ ધોળકિયાને ફોન કરી વિનંતી કરેલ હતી. જે વાતનો ગોલ્ડી સોલારના એમ.ડી. ઈશ્વરભાઈ ધોળકિયાએ આ વાત સ્વીકારી અને તમામ ૧૨ રેટ માઈનર્સના રહેઠાણના ઘર ઉપર ગોલ્ડી સોલાર દ્વારા સોનાર પેનલો વિનામૂલ્યે ફીટ કરાવી દેવાશે તેવી ખાત્રી આપી હતી. આમ ખુબ જ સાંકડી અને અંધારી જગ્યામાં બેસી ખુબ જ ઓછા ઓકિસજન વચ્ચે ડ્રિલિંગ કરવું ખુબ જ જોખમી હોવા છતાં સતત ૨૬ કલાક મેન્યુઅલી–માત્ર હાથથી ડ્રિલિંગ કરી લગભગ ૧૨ મીટર જેટલો કાટમાળ હટાવવાની કામગીરી કરનારા અને ૪૧ જેટલાં શ્રમિકોને સફળતાપૂર્વક બહાર લાવવાનું કાર્ય સંપન્ન કરનારા આ રેટ માઈનર્સનું પણ યોગ્ય સન્માન થયું છે.

## સામાજિક કાર્યકર્તા કાંતિલાલ પરમારની માંગ

# રાજયમાં અનુ.જાતિ અને અનુ.જનજાતિનાં નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરો

### મુખ્યમંત્રીને પત્ર પાઠવીને વિસ્તૃત રજૂઆત કરી

અમરેલી, તા. ૩૦

સામાજિક કાર્યકર્તા કાંતિલાલ પરમાર દ્વારા મુખ્યમંત્રીને સંબોધીને લખાયેલ પત્રમાં લખેલ છે કે હાલના સમયમાં ગુજરાત રાજયમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિ વર્ગના લોકો પર અનેક પ્રકારે ગંભીર અત્યાચાર બેફામ –બેરોકટોક ચાલુ છે, જૂતા મોઢામાં લેવડાવવા, જમીન ખેડવા જાય તો હત્યા કરવી, ગેરકાયદેસર રીતે ગટરમાં ઉતારવાથી ગેસ લાગવાથી થતા મોત, વરઘોડો ન કાઢવા દેવો, ઘોડા પર વરરાજાને ન બેસવા દેવા, જાહેરમાં આભડછેટ પાળવી, પોલીસ રક્ષણ ન મળવાથી હત્યા, જાહેર જગ્યાએ ઘુસવા ન દેવા, મૂછો રાખવામાં આવે તો માર મારવો, હત્યા કરવી, જાહેરમાં ભેદભાવ રાખી અપમાનિત કરવા, અનુસૂચિત જાતિના શિક્ષકને ગામડામાં ભાડે મકાન ન આપવું જેવા બનાવો રોજબરોજ બની રહ્યા છે.

વધુમાં જણાવેલ છે કે તાજેતરમાં જ સુરેન્દ્રનગરના ચુડા તાલુકાના સમઢીયાળા ગામે બે, મહીસાગર જિલ્લાના નાના ખાનપુર ગામે મહિલા, મહેસાણાના વાલમ ગામની મહિલા, બોટાદના બગડ ગામે, ભાવનગર ખાતે એક મહિલાની હત્યા, અમદાવાદ શહેરના નરોડા ખાતે મહિલા સહીત અનુસૂચિત જાતિના લોકોની નિર્મમ હત્યાઓ થયેલ છે.

રાજયમાં આવા ક્રૂર અને માનવ અધિકારોના ભંગ સમાન અત્યાચારોને અટકાવવા, કાબુમાં લેવા, ન્યાયિક કાર્યવાહી કરી ન્યાય મળે તેવી ન્યાયિક કાર્યવાહી કરવા, ભોગ બનેલાઓનું પુનઃવસન, વળતર સાહિતની જોગવાઈઓ સાથે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિ(અત્યાચારઅટકાવ) અધિનિયમ ૧૯૮૯, સુધારા અધિનિયમ ૨૦૧૫, આ કાયદાના નિયમો ૧૯૯૫ અને ૨૦૧૬ અમલમાં છે.

અનુસૂચિત જાતિ અને જન જાતિના લોકો પર થતા અત્યાચાર અટકાવવા અને અત્યાચાર સામે રક્ષણ મળે તે માટેનો કાયદો અને કાયદાની જોગવાઈઓ મુજબ રાજયમાં આ કાયદાનું કડક અમલીકરણ થાય તેની સમીક્ષા કરવા અને સબંધિત એનફોર્સમેન્ટ એજન્સી(અમલીકરણ તંત્ર)ઓને જરૂરી સૂચના/હુકમો આપવા રાજયના મુખ્યમંત્રીની અધ્યક્ષ સ્થાને વિસ સભ્યોની જેમાં ડીજીપી, ગૃહ, સામાજિક ન્યાય અધિકારીતા, નાણાં, મહેસુલ મંત્રીઓ, સચિવો અને ધારાસભ્યો અને સાંસદોની બનેલ એક હાઈ લેવલની રાજય તકેદારી અને મોનીટરીંગ કમિટીની આ કાયદાના નિયમ ૧૬ મુજબ રચના કરવાની જોગવાઈ છે જે દર છ મહિને જાન્યુઆરી અને જુલાઈમાં ફરજીયાત પણે મળે અને કાયદાના અમલીકરણની સમીક્ષા કરી, સંસદે બનાવેલ કાયદાના હેતુને સાર્થક કરવાની જવાબદારી રાજયના મુખ્યમંત્રીનાં હોદ્દાની રૂએ આપની થાય છે. અત્યાચાર ધારાના અમલીકરણની સમીક્ષા માટે રાજય તકેદારી અને મોનીટરીંગ સમિતિની રચના કરવા અને કાયદાકીય જોગવાઈ મુજબ દર છ મહિને નિયમિત મિટિંગ બોલાવવા વિનંતી કરવામાં આવેલ છે.

વધુમાં જણાવેલ છે કે તાત્કાલિક આ કાયદાની જોગવાઈ મુજબ રાજયતકેદારી અને મોનીટરીંગ સમિતિની રચના કરી મિટિંગ બોલાવશો અને અનુસૂચિત જાતિ અને જન જાતિ વર્ગના લોકોના બંધારણીય અને માનવ અધિકારોના હનન સામે રક્ષણ આપતા આ કાયદાનું કડકપણે અમલીકરણ કરાવશો અને આપ આપની બંધારણીય ફરજ સુપેરે નિભાવશો એવી આશા હું રાખું છું તેમ પત્રના અંતમાં જણાવેલ છે.

## સાવરકુંડલામાં દિવાળી વેકેશન પૂર્ણ થતાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ

સાવરકુંડલા, તા. ૩૦

આજથી દિવાળી વેકેશનની મજા પૂરી. આજથી નવાં શૈક્ષણિક સત્રનો પ્રારંભ. પ્રારંભ કાળે મોટાભાગની શાળાઓમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરી. આમ હવે વેકેશન મૂડને શૈક્ષણિક અભ્યાસાભિમુખ કરવા માટે શાળાઓમાં શૈક્ષણિક કાર્યનો આરંભ થયો. જો કે મોટા ભાગના બાળકો હજુ પણ હોલીડે મુડમાં હોય આજરોજ તો મોટા ભાગની શાળાઓમાં પાંખી હાજરી જોવા મળી હતી. વિદ્યાર્થીઓને પણ પોતાના અભ્યાસને લગતા પુસ્તકો નોટબુક આદિ શૈક્ષણિક સામગ્રી સાથે સુમેળ બેસાડતાં હજુ બેચાર દિવસો તો જરૂર લાગશે. જો કે પાંખી હાજરી વચ્ચે પણ શૈક્ષણિક સ્ટાફે તો આજથી જ શાળામાં હાજર રહી પોતાની ડયુટી પર હાજર જોવા મળેલ. લગભગ સોમવારથી શાળાઓ વિદ્યાર્થીઓથી સંપૂર્ણરીતે ધમધમતી થઈ જશે એવુ પૂર્વાનુમાન છે. જો કે બોર્ડની પરીક્ષા આપતાં વિદ્યાર્થીઓ માટે તો દરેક ક્ષણ કિંમતી હોય અભ્યાસ કાર્ય માટે સજજ હોય છે. છેલ્લા ઘણા સમયથી શાળાના બંધ ઓરડાઓ આજે ફરીથી વિદ્યાર્થીઓની કિલકારીઓથી ગુંજી ઉઠયા.

























### દુનિયાનાં મોટા નેતાની થશે હત્યા

# ૨૦૨૪ માટે બાબા વેંગાએ કરી છે ૭ ખતરનાક ભવિષ્યવાણી

## ૨૦૨૩ પૂર્ણ થવાના આરે છે અને તેમના દ્વારા ૨૦૨૪ માટે કરવામાં આવેલી ભવિષ્યવાણી વિશેની માહિતી હવે દુનિયાની સામે આવી છે

નવી દિલ્હી, તા.૩૦

બાબા વેંગાએ અનેક એવી ભવિષ્યવાણીઓ કરી છે, જે સાચી પણ પડી છે. કોઈ વૈશ્વિક આપદા હોય કે પછી મોટુ પરીવર્તન હોય બાબા વેંગાની વાતો સાચી પડવાથી ઘણા લોકો તેમને ખૂબ માને પણ છે. તેમણે લગભગ ત્રણ દાયકા પહેલા જ દુનિયાને અલવિદા કહી દીધું છે. પરંતુ તેમના દ્વારા કરવામાં આવેલી આગાહીઓ હજુ પણ વિશ્વની દિશા નક્કી કરે છે. બાબા વેંગાએ વર્ષો પહેલા અમેરિકા પર ૯/૧૧ના હુમલાની અને બ્રિટનમાં થયેલ બ્રેઝિટ વિશે ભવિષ્યવાણી કરી હતી. દરેક વર્ષના અંતે બાબા વેંગાની આગામી વર્ષ માટે વિશ્વને શું ચેતાવણી છે તેના પર નજર કરવામાં આવે છે. હવે વર્ષ ૨૦૨૩ પૂર્ણ થવાના આરે છે અને તેમના દ્વારા ૨૦૨૪ માટે કરવામાં આવેલી ભવિષ્યવાણી વિશેની માહિતી હવે દુનિયાની સામે આવી છે, જે ખૂબ જ ખતરનાક અને ડરામણી છે. આપને જણાવી દઈએ કે, બાબા વેંગા એક અંધ મહિલા હતી. તેમને બાલ્કનના નાસ્ત્રેદમસ પણ કહેવામાં આવે છે. તેમના દ્વારા કરવામાં આવેલી ૮૫ ટકા ભવિષ્યવાણીઓ એકદમ સાચી સાબિત થઈ છે. એવું કહેવાય છે કે, બાળપણમાં જ તેઓ એક તોફાનના કારણે પોતાની આંખો ગુમાવી બેઠી હતી. પરંતુ તે પછી તેને ટૂંક સમયમાં જ તેની દિવ્યદર્શી શક્તિઓ પણ મળી હતી. તે બલ્ગેરિયાની રહેવાસી હતી. ૧૯૯૬માં ૮૪ વર્ષની વયે તેમનું અવસાન થયું હતું. તો ચાલો આપણે જાણીએ કે બાબા વેંગાએ ૨૦૨૪ માટે શું આગાહી કરી છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન માટે માઠા સમાચાર છે. બાબા વેંગાએ ભવિષ્યવાણી કરી છે કે આવતા વર્ષે પુતિનના જ દેશના કોઈ વ્યક્તિ દ્વારા તેની હત્યા કરવામાં આવશે. ક્રેમલિને સતત પુતિનને કેન્સર હોવાની વાતનો ઈનકાર કર્યો છે. તેમની સુરક્ષા પણ વધારવામાં આવી રહી છે. બાબા વેંગાએ ખતરનાક હથિયારો અંગે ભવિષ્યવાણી કરી છે. તેમણે દાવો કર્યો છે કે આગામી વર્ષમાં એક મોટો દેશ જૈવિક હથિયારોનું પરીક્ષણ કરશે અથવા તો તે હુમલો કરશે. તેમણે એ વાતની પણ ભવિષ્યવાણી કરે છે કે યૂરોપમાં આતંકવાદીઓ દ્વારા અલગ અલગ શહેરોમાં હુમલાઓ કરવામાં આવશે. બલ્ગેરિયાના ભવિષ્ય વક્તાનો દાવો છે કે આવતા વર્ષે મોટું આર્થિક સંકટ આવશે. જેના કારણે વૈશ્વિક અર્થવ્યવસ્થા પડી ભાંગશે. દેવાનું સ્તર, ભૂ-રાજકીય તણાવ અને આર્થિક શક્તિઓનું પશ્ચિમથી પૂર્વ તરફ સ્થળાંતર જેવા કારણો જવાબદાર હોઈ શકે છે. બાબા વેંગાએ આગાહી કરી છે કે, પૃથ્વી પર આવતા વર્ષે કુદરતી આફતો અને ખરાબ હવામાનની અસર જોવા મળશે. તેમના જણાવ્યા અનુસાર પૃથ્વીની કક્ષામાં ફેરફાર થશે. આ ખૂબ જ ઓછા સમય માટે હશે, પરંતુ તેના કારણે ક્લાઈમેટ ચેન્જની ગંભીર અસર જોવા મળશે. તેમજ રેડિએશનનું જોખમ પણ રહેશે. આગામી વર્ષે વિશ્વમાં સાયબર એટેકનું જોખમ પણ વધશે. એડવાન્સ્ડ હેકર્સ પાવર ગ્રીડ અને વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ જેવા નિર્ણાયક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ટાર્ગેટ કરશે. બાબા વેંગાએ આગાહી કરી છે કે આનાથી રાષ્ટ્રીય સ્તરે સુરક્ષાનો ખતરો ઉભો થશે. બાબા વેંગાના જણાવ્યા પ્રમાણે, મેડિકલ ફિલ્ડમાંથી સારા સમાચાર સામે આવી શકે છે. અલ્ઝાઈમર સહિતના અસાધ્ય રોગો માટે નવી સારવાર ઉપલબ્ધ થશે. તેમણે એવી પણ આગાહી કરી છે કે ૨૦૨૪માં કેન્સરની સારવાર શક્ય બનશે. બાબા વેંગાનો દાવો છે કે, આવતા વર્ષે ક્વોન્ટમ કમ્પ્યુટિંગમાં મોટી શોધ થશે.

### ઝારખંડમાં સ્પર્ધાત્મક પરીક્ષામાં પેપર લિક-કોપી રોકવા કવાયત

# પેપર લિક બદલ આજીવન કેદ, ૧૦ કરોડનો દંડ થશે

## રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણને ગત ઓગસ્ટમાં વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવેલા બિલને મંજૂરી આપી દીધી

રાંચી, તા.૩૦

ઝારખંડમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પેપર લીક અને નકલ રોકવા માટે કડક કાયદાનો અમલ કરવાનો રસ્તો સ્પષ્ટ થઈ ગયો છે. રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણને ગત ઓગસ્ટમાં વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવેલા બિલને મંજૂરી આપી દીધી છે. રાજ્ય સરકાર દ્વારા જાહેરનામું બહાર પાડતાં જ તે કાયદાનું રૂપ લેશે. આ કાયદામાં સ્પર્ધાત્મક પરીક્ષાના પેપર લીક કરવા બદલ ઓછામાં ઓછા ૧૦ વર્ષ અને વધુમાં વધુ આજીવન કેદથી લઈને ૧૦ કરોડ રૂપિયા સુધીના દંડની જોગવાઈઓ છે.

બિલની મહત્વપૂર્ણ બાબતો

૧. આ કાયદાનું નામ ઝારખંડ સ્પર્ધાત્મક પરીક્ષા અધિનિયમ ૨૦૨૩ હશે. તેમાં એવી જોગવાઈ છે કે, જો કોઈ ઉમેદવાર સ્પર્ધાત્મક પરીક્ષામાં પ્રથમ વખત નકલ કરતા પકડાશે તો તેને એક વર્ષની જેલ થશે અને ૫ લાખ રૂપિયાનો દંડ થશે.

૨. બીજી વખત પકડાવા પર ૩ વર્ષની સજા અને ૧૦ લાખના દંડની જોગવાઈ છે. ન્યાયાલય દ્વારા સજા થવા પર સબંધિત ઉમેદવાર ૧૦ વર્ષો સુધી કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષા નહીં આપી શકશે. ૩. પેપર લીક અને નકલને લગતા કેસોમાં પ્રાથમિક તપાસ વિના એફઆઈઆર અને ધરપકડની જોગવાઈ પણ કરવામાં આવી છે. પેપર લીક અને કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષાઓ વિશે ગેરમાર્ગે દોરનારી માહિતીનો પ્રચાર કરનારાઓ પણ આ કાયદાના દાયરામાં આવશે. આ કાયદો રાજ્ય લોક સેવા આયોગ, સ્ટેટ સ્ટાફ સિલેકશન કમિશન, ભરતી એજન્સીઓ, કોર્પોરેશનો અને સંસ્થાઓ દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓમાં લાગુ થશે.

૪. આ કાયદામાં પેપર લીક સાથે સંબંધિત મામલે કડક જોગવાઈઓ કરવામાં આવી છે. તેમાં પરીક્ષાઓના સંચાલન સાથે જોડાયેલા વ્યક્તિ, એજન્સીઓ, પ્રિન્ટિંગ પ્રેસ અને ષડયંત્રમાં સામેલ લોકો દાયરામાં આવશે.

૫. જો કોઈ પ્રિન્ટીંગ પ્રેસ, પરીક્ષાનું સંચાલન કરતી વ્યવસ્થાપન તંત્ર, પરિવહન સાથે સંકળાયેલી વ્યક્તિ અથવા કોઈ કોચિંગ સંસ્થા ષડયંત્રકારની ભૂમિકા ભજવશે તો તેને સજા ૧૦ વર્ષથી લઈને આજીવન કેદ સુધીની સજા થઈ શકે છે. આમાં ૨ કરોડથી ૧૦ કરોડ રૂપિયા સુધીના દંડની જોગવાઈ પણ છે. દંડ ન ભરવા પર ત્રણ વર્ષની વધારાની સજા ભોગવવી પડશે.

### અયોધ્યામાં રામમંદિરને ખલ્લું મુકવાની તડામાર તૈયારી

# અયોધ્યાની રામલીલામાં પાક. સહિત ૧૪ દેશના કલાકાર ભાગ લેશે

## વિદેશની ધરતી પર જન્મેલા ૧૪થી વધુ દેશોના કલાકારો રામલીલાનું મંચન કરીને ભારતીય સંસ્કૃતિને મજબૂત કરશે

અયોધ્યા, તા.૩૦

અયોધ્યામાં ભગવાન રામના મંદિરના ભવ્ય નિર્માણ બાદ ભગવાનની પ્રાણપ્રતિષ્ઠા અને મંદિર ખુલ્લુ મૂકવાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ તૈયારીના ભાગરૂપે અહીં રામલીલા પણ યોજાવાની છે ત્યારે આ આયોજનમાં વિશ્વના ૧૪ દેશના કલાકારો ભાગ લેશે, જેમાં એક દેશ પાકિસ્તાન પણ છે.

રામનગરી અયોધ્યામાં ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ રામ લલ્લાના અભિષેકની તૈયારીઓ લગભગ પૂર્ણ થઈ ગઈ છે. વિદેશની ધરતી પર જન્મેલા ૧૪થી વધુ દેશોના કલાકારો રામલીલાનું મંચન કરીને ભારતીય સંસ્કૃતિને મજબૂત કરશે. ૧૭ થી ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ દરમિયાન આ રામલીલા યોજાશે.અયોધ્યાની રામલીલા સમિતિના અધ્યક્ષ સુભાષ મલિક અને મહાસચિવ શુભમ મલિકના જણાવ્યા અનુસાર, જે દેશોના કલાકારો રામલીલામાં ભાગ લેશે તેમાં રશિયા, મલેશિયા, અમેરિકા, લંડન, દુબઈ, ઈઝરાયેલ, અફઘાનિસ્તાન, જાપાન, ચીન, જર્મની, થાઈલેન્ડ, ઈન્ડોનેશિયા, બાંગ્લાદેશ., પાકિસ્તાનના કલાકારોનો સમાવેશ થાય છે. તેમની કલાકારીમાં તેમના દેશોની સાંસ્કૃતિક ઝલક પણ જોવા મળશે.

તેમણે કહ્યું કે વિદેશથી આવનારા કલાકારોના રહેવાની

### રાજસ્થાન વિધાનસભાની ચૂંટણી સંપન્ન થયા બાદનું નિવેદન

# ભાજપનું ધર્મનું કાર્ડ ન ચાલે તો અમારી સરકાર નક્કી : ગેહલોત

## પીએમ મોદી, અમિત શાહ અને યોગી આદિત્યનાથે ધર્મના નામે એકતા અને ધ્રુવીકરણ કરવાનો પ્રયાસ કર્યાનો આક્ષેપ

જયપુર, તા.૩૦

રાજસ્થાનમાં વિધાનસભા ચૂંટણી માટે મતદાન થઈ ચૂક્યું છે. મધ્યપ્રદેશ, છત્તીસગઢ, મિઝોરમ અને તેલંગાણાની સાથે રાજસ્થાનના પરિણામો પણ ૩ ડિસેમ્બરે આવશે.

રાજસ્થાનના વર્તમાન મુખ્યમંત્રી અશોક ગેહલોતે રાજસ્થાનમાં ફરીવાર કોંગ્રેસની સરકાર બનાવવાનો દાવો કર્યો હતો. જો કે, તેમણે કહ્યું કે ચૂંટણીમાં ભાજપે ધર્મની આડમાં ડરામણા અને તણાવપૂર્ણ નિવેદનો કર્યા હતા. ભાજપનું ધર્મ કાર્ડ ચાલી જશે તો અલગ વાત છે. ધર્મ કાર્ડ નહીં ચાલે તો અમે ફરીવાર સરકાર બનાવીશું.

ગેહલોતે કહ્યું કે એક્ઝિટ પોલ અને સર્વે પર એટલું ધ્યાન આપવાની જરૂર નથી. રાજસ્થાનમાં ફરી કોંગ્રેસની સરકાર બનશે તે નક્કી. ભાજપના નેતાઓ લોકોની સામે ડરામણી અને બદલાની ભાષા બોલી રહ્યા હતા. પીએમ મોદી, અમિત શાહ અને યોગી આદિત્યનાથે ધર્મના નામે એકતા અને ધ્રુવીકરણ કરવાનો પ્રયાસ કર્યો.

ગેહલોતે કહ્યું કે, એક્ઝિટ પોલ ગમે તે કહે, રાજસ્થાનમાં કોંગ્રેસની સરકાર બનશે. ભાજપ પમાંથી એક પણ રાજ્યમાં જીતી નહીં શકે. રાજસ્થાનના લોકો ફરીવાર રાજ્યમાં કોંગ્રેસની સરકાર લાવશે અને તેના માટે ૩ કારણો છે. પહેલું કારણ એ છે કે સરકાર સામે સત્તા વિરોધી લહેર નથી, એવું નિષ્ણાતો પણ કહી રહ્યા છે. બીજું કારણ સીએમ છે.

ભાજપના મતદારો પણ કહેશે કે મુખ્યમંત્રીએ વિકાસના કામો કરવામાં કોઈ કસર છોડી નથી. ત્રીજું પ્રચાર દરમિયાન વડાપ્રધાન, ગૃહમંત્રી, ભાજપના મુખ્યમંત્રીઓ અને કેન્દ્રીય મંત્રીઓ દ્વારા બોલવામાં આવતી ભાષા છે. એ ભાષા કોઈને ગમતી નહોતી.

રાજસ્થાનમાં ૨૫ નવેમ્બરે ૨૦૦ બેઠકો પર મતદાન થયું હતું. જો કે, એક બેઠક પર કોંગ્રેસના ઉમેદવારનું અવસાન થતાં માત્ર ૧૯૯ બેઠકો પર જ મતદાન થયું હતું. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર રાજ્યમાં કુલ ૭૪.૯૬ ટકા મતદાન થયું હતું. જ્યારે પોસ્ટલ બેલેટ અને હોમ વોટિંગ દ્વારા ૦.૮૩ ટકા મતદાન થયું હતું. ૨૦૧૮ની ચૂંટણીમાં રાજસ્થાનમાં ૭૪.૦૬ ટકા મતદાન થયું હતું. એટલે કે આ વખતે ચૂંટણીમાં ૦.૯ ટકા વધુ મતદાન થયું છે.

રાજસ્થાનમાં છેલ્લા ૩૦ વર્ષથી દર વખતે સરકાર બદલવાનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. ભાજપે ૧૯૯૩માં અહીં જીત મેળવી હતી. આ પછી ૧૯૯૮માં થયેલી ચૂંટણીમાં જનતાએ કોંગ્રેસમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ૫ વર્ષ બાદ ૨૦૦૩માં જનતાએ ફરી ભાજપને જીત અપાવી. આ પછી ૨૦૦૮માં કોંગ્રેસ, ૨૦૧૩માં ભાજપ અને ૨૦૧૮માં કોંગ્રેસ જીતી હતી. હવે જોવાનું એ રહે છે કે શું આ વખતે પણ રાજસ્થાનમાં ત્રીસ વર્ષથી ચાલતો ટ્રેન્ડ ચાલુ રહેશે કે પછી બદલાશે?

### વડાપ્રધાન મોદીએ વિકસિત ભારત સંકલ્પ યાત્રાને સંબોધી

# દેશની પ્રગતિ માટે ચાર જાતિ-ગરીબ, યુવા, મહિલા અને ખેડૂત જરૂરી : મોદી

## દેશમાં તમામને સરકારની યોજનાઓ સુનિશ્ચિત કરવાના હેતુ સાથે વિકાસ ભારત સંકલ્પ યાત્રા શરૂ કરવામાં આવી છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

નવી દિલ્હી, તા.૩૦

આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિકસિત ભારત સંકલ્પ યાત્રાને સંબોધી હતી. આ દરમિયાન પીએસ મોદીએ દેશની મુખ્ય ચાર જાતિ ગણાવી. પીએમ મોદીએ કહ્યું કે દેશમાં ફક્ત ચાર જાતિ ગરીબ, યુવા, મહિલા અને ખેડૂત છે. તેમણે કહ્યું કે, હું આ ચાર જાતિઓના સશક્તિકરણ માટે કામ કરી રહ્યું છું. મારું માનવું છે કે મૂળ આસ્થા અને ધર્મને છોડીને આ ચાર મૂળ જાતિનો વિકાસ જ દેશની પ્રગતિ કરવી શકે છે. પીએમ મોદીએ આજે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા વિકાસ ભારત સંકલ્પ યાત્રાના લાભાર્થીઓ સાથે વાતચીત કરી હતી. દેશભરમાં તમામને સરકારની યોજનાઓ સુનિશ્ચિત કરવાના હેતુ સાથે વિકાસ ભારત સંકલ્પ યાત્રા શરૂ કરવામાં આવી છે. આ કાર્યક્રમ દરમિયાન પીએમ મોદીએ કહ્યું, મારા માટે સૌથી મોટી જાતિ ગરીબ, યુવા, મહિલાઓ અને ખેડૂતો છે. આ ચાર જાતિઓના ઉત્થાનથી જ ભારતની વિકાસ યાત્રા આગળ વધશે. વધુમાં પીએમ મોદીએ કહ્યું કે, મારો આ સંકલ્પ યાત્રા પાછળનો હેતુ એવો છે કે જે લોકોને સરકારી યોજનાઓનો લાભ મળ્યો છે તો તેમના અનુભવો કેવા છે અને જેઓને નથી મળ્યા તેમને ૫ વર્ષમાં આ યોજનાઓનો લાભ પહોંચાડવાનો છે. માટે હવે 'મોદીની વિકાસ ગેરંટી'ની ગાડી દેશના દરેક ગામડા સુધી પહોંચશે. પીએમએ કહ્યું, આ ગાડીનું નામ 'વિકાસ રથ' રાખવામાં આવ્યું છે, પરંતુ આ ૧૫ દિવસમાં લોકોએ તેનું નામ બદલીને 'મોદીની ગેરંટીડ ગાડી' કરી દીધું છે. મને એ જાણીને આનંદ થયો કે જનતાને મોદી પર આટલો ભરોષો છે. આ સમયગાળા દરમિયાન પીએમ મોદીએ મહિલા કિસાન ડ્રોન સેન્ટર પણ લોન્ચ કર્યું હતું. આ કેન્દ્ર મહિલા સ્વ-સહાય જૂથો (એસએચજીએસ) ને ડ્રોન પ્રદાન કરશે જેથી તેઓ આ ટેક્નોલોજીનો ઉપયોગ આજીવિકા ચાલવી શકે. આ યોજના હેઠળ, આગામી ત્રણ વર્ષમાં મહિલા સ્વ-સહાય જૂથોને ૧૫,૦૦૦ ડ્રોન પ્રદાન કરવામાં આવશે. આ માટે તેમને ટ્રેનિંગ પણ આપવામાં આવશે.

### મિઝોરમના રાજ્યપાલે નિયુક્ત કર્યા

# ભારતીય વાયુસેનાના અધિકારી મનીષા પાધી દેશનાં પ્રથમ એડીસી

## પાધીએ દેશની પ્રથમ મહિલા એડીસી બનીને ઈતિહાસ રચ્યો

ઈમ્ફાલ, તા.૩૦

મિઝોરમના રાજ્યપાલએ મનીષા પાધીને સહાયક-ડી-કેમ્પ (એડીસી) તરીકે નિયુક્ત કર્યા છે. આ સાથે જ મનીષા પાધીએ દેશની પ્રથમ મહિલા એડીસી બનીને ઈતિહાસ રચ્યો છે. ઓડિશાની પુત્રી અને ૨૦૧૫ બેચના ભારતીય વાયુસેના અધિકારી મનીષા પાધીને સહાયક-ડી-કેમ્પ (એડીસી) તરીકે નિયુક્ત કરવામાં આવી છે અને આ સાથે મનીષા પાધીએ દેશની પ્રથમ મહિલા એડીસી બનીને ઈતિહાસ રચ્યો છે.

મિઝોરમના રાજ્યપાલ ડૉ.હરિ બાબુ કંભમપતિએ તેમને અભિનંદન પાઠવ્યા છે. મહિલા ભારતીય વાયુસેના અધિકારી સ્ક્વોડ્રન લીડર મનીષા પાધીની આ સિદ્ધિ પર ઓડિશાના લોકો સહિત સમગ્ર દેશને ગર્વ છે.

મિઝોરમના રાજ્યપાલ ડૉ. હરિ બાબુ કંભમપતિએ પોતાના 'એક્સ (અગાઉ ટ્વિટર)' હેન્ડલ પર મુખ્ય પોસ્ટ પર મહિલા એરફોર્સ અધિકારીની નિમણૂકનો એક વીડિયો શેર કરતા લખ્યું હતું કે સ્ક્વોડ્રન લીડર મનીષા પાધીને મિઝોરમના રાજ્યપાલના સહાયક-ડી-કેમ્પ (એડીસી) તરીકે નિમણૂક કરવા બદલ હાર્દિક અભિનંદન. આ ઉપરાંત રાજ્યપાલે લખ્યું છે કે હું તેમને શુભેચ્છા પાઠવું છું અને ઈચ્છું છું કે તે આ ક્ષેત્રમાં શ્રેષ્ઠતા મેળવે. આ સિવાય કહ્યું હતું કે મનિષાની નિમણૂક માત્ર એક સીમાચિહ્નરૂપ નથી, પરંતુ લિંગના ધોરણોને તોડવા અને વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ દેખાવ કરવાની મહિલાઓની શક્તિનો એક પુરાવો પણ છે ત્યારે આપણે આ નોંધપાત્ર સિદ્ધિની ઉજવણી કરીએ અને દરેક ક્ષેત્રમાં મહિલા સશક્તિકરણને સમર્થન આપવાનું ચાલુ રાખીએ.

### શેરબજારની કામગીરી દરમિયાન શેરના ભાવમાં વધઘટ

# સેન્સેક્સમાં ૮૬ અને નિફ્ટીમાં ૩૭ પોઈન્ટનો ઊછાળો જોવાયો

## અલ્ટ્રાટેક સિમેન્ટ ૩% વધ્યા, અદાણી એન્ટરપ્રાઈઝ ખોટમાં

મુંબઈ, તા.૩૦

ગુરુવારે શેરબજારનો કારોબાર ધડાકા સાથે સમાપ્ત થયો. ગુરુવારે બીએસઈ સેન્સેક્સ ૬૭૦૦૦ના મનોવૈજ્ઞાનિક સ્તરની નજીક બંધ કરવામાં સફળ રહ્યો હતો, જ્યારે નિફ્ટી ૫૦ લગભગ ૩૭ પોઈન્ટના વધારા સાથે ૨૦,૧૩૪ના સ્તરે બંધ થયો હતો.

ગુરુવારે બીએસઈ સેન્સેક્સમાં ૮૬ પોઈન્ટનો વધારો નોંધાયો હતો અને તે ૬૬૯૮૮.૪૪ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. દિવસના કારોબારમાં બીએસઈ સેન્સેક્સે ૬૬૧૦ ડોલરથી ૬૭૦૬૯ના સ્તરને સેટ કર્યો છે. જો નિફ્ટીના બિઝનેસની વાત કરીએ તો નિફ્ટી લગભગ ૩૭ પોઈન્ટના વધારા સાથે ૨૦૧૩૪ ના સ્તર પર બંધ થયો છે. ગુરુવારે નિફ્ટી ૨૦૦૧૫ના સ્તરથી ૨૦,૧૫૮ના સ્તરને સ્પર્શી ગયો છે અને તેની વચ્ચે કામકાજ થઈ રહ્યો છે. ગુરુવારના ટ્રેડિંગમાં, નિફ્ટી મિડકેપ ૧૦૦ અને બીએસઈ સ્મોલ કેપમાં થોડો વધારો જોવા મળ્યો હતો, જ્યારે નિફ્ટી આઈટી અને નિફ્ટી બેંક ઈન્ડેક્સ નબળાઈ પર બંધ થયા હતા. શેરબજારના ટોપ ગેનર્સમાં અલ્ટ્રાટેક સિમેન્ટ ત્રણ ટકા વધ્યો હતો, જ્યારે અદાણી એન્ટરપ્રાઈઝ શેરબજારના ટોપ લુઝર્સની યાદીમાં સામેલ હતો અને તે ૧.૩૮ ટકા નબળો પડ્યો હતો.

ગુરુવારે શેરબજારની કામગીરી દરમિયાન શેરના ભાવમાં ઘણી વધઘટ નોંધાઈ હતી. ગૌતમ અદાણી ગ્રૂપની નવ લિસ્ટેડ કંપનીઓમાંથી ત્રણના શેરમાં નજીવો વધારો નોંધાયો હતો જ્યારે છ શેર નુકસાનમાં બંધ થયા હતા.

અદાણી ટોટલ ગેસમાં ત્રણ ટકાથી વધુનો વધારો નોંધાયો હતો જ્યારે એસીસી લિમિટેડ લગભગ એક ટકા વધીને બંધ રહ્યો હતો. શેરબજારમાં મલ્ટિબેગર રિટર્ન આપતા શેરો વિશે વાત કરીએ તો, સ્ટોવ ક્રાફ્ટ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, કામધેનુ લિમિટેડ, જિયો ફાઈનાન્શિયલ અને એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં વધારો નોંધાયો હતો. ગુરુવારે યુનિપાર્ટ્સ ઈન્ડિયા, ગતિ લિમિટેડ, ટાટા મોટર્સ, દેવયાની ઈન્ટરનેશનલ, ઓમ ઈન્ફ્રા અને પટેલ એન્જિનિયરિંગના શેરમાં નબળાઈ નોંધાઈ હતી. મુથુટ ફાઈનાન્સ, ગાર્ડન રીચ શિપ બિલ્ડર, એક્સિસ બેંક, આઈઆરસીટીસી, મારુતિ સુઝુકી અને SBI કાર્ડના શેરમાં વધારો થયો હતો. એચડીએફસી બેંક, બજાજ ફાઈનાન્સ, પતંજલિ ફૂડ્સ, ઈન્ફોસીસ, આઈસીઆઈસીઆઈ બેંક, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ફેડરલ બેંક અને આશાનિષા ઈન્ડસ્ટ્રીઝના શેર ગુરુવારના ટ્રેડિંગમાં નબળાઈ સાથે બંધ થયા હતા.

### મોરબી ઝુલતા પુલ દુર્ઘટનામાં આરોપીને રાહત ન મળી

# સુપ્રીમ કોર્ટે જયસુખ પટેલની જામીન અરજી ફગાવી દીધી

નવી દિલ્હી, તા.૩૦

મોરબી ઝુલતા પુલ દુર્ઘટના કેસમાં જયસુખ પટેલને સુપ્રીમ કોર્ટમાંથી રાહત મળ નથી જેમાં કોર્ટે તેની જામીન માટે કરેલી અરજી ફગાવી દીધી હતી અને ગુજરાત હાઈકોર્ટમાં પેન્ડિંગ રહેલી અરજી માટે રાહ જોવાની ટકોર પણ કરી હતી.

મોરબીમાં ગત વર્ષ ૩૦ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ મચ્છુ નદી [redacted]



માટેની અરજી ફગાવી દીધી હતી અને ટકોર કરતા કહ્યુ હતું કે ગુજરાત હાઈકોર્ટમાં પેન્ડિંગ રહેલી અરજી માટે રાહ જુઓ. ઉલ્લેખનીય છે કે કેબલ બ્રિજ તૂટ્યો હતો જેના એસઆઈટીના રિપોર્ટમાં ઓરેવા કંપનીની બેદરકારી સામે આવી હતી.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### ભારતીય સૈન્યની તાકાત વધારવા મહત્વપૂર્ણ નિર્ણય

# ૯૭ તેજસ એરક્રાફ્ટ અને ૧૫૬ પ્રચંડ એટેક હેલિકોપ્ટરને ખરીદવાની મંજૂરી

## બંને એરક્રાફ્ટ સ્વદેશી રીતે વિકસિત છે અને સોદાની કિંમત ૧.૧ લાખ કરોડ રૂપિયા નક્કી કરવામાં આવી છે

નવી દિલ્હી, તા.૩૦

ભારતના સૈન્ય તાકાતમાં વધારો કરવા માટે સરકાર દ્વારા એક મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. ભારતમાં સૈન્ય અને સંરક્ષણ ઉત્પાદનને મોટા પ્રોત્સાહનરૂપે, ડીએસીની બેઠકે ૯૭ તેજસ એરક્રાફ્ટ અને ૧૫૬ પ્રચંડ એટેક હેલિકોપ્ટરને ખરીદવાની મંજૂરી આપી છે. બંને એરક્રાફ્ટ સ્વદેશી રીતે વિકસિત છે અને સોદાની કિંમત ૧.૧ લાખ કરોડ રૂપિયા નક્કી કરવામાં આવી છે. ભારતીય વાયુસેના માટે તેજસ માર્ક ૧-એ ફાઈટર પ્લેન ખરીદવામાં આવી રહ્યા છે અને એરફોર્સ તેમજ આર્મી માટે હેલિકોપ્ટર ખરીદવામાં આવી રહ્યા છે. આ મંજૂરી મળતાની સાથે આ ભારતના ઈતિહાસમાં સ્વદેશી ઉત્પાદકો માટેનો સૌથી મોટો ઓર્ડર છે.

પહેલાથી જ ભારતીય વાયુસેના દ્વારા તેજસ એમકે૧ જેટના બે સ્ક્વોડ્રનનું સંચાલન કરવામાં આવે છે, જેમાં પ્રારંભિક અને અંતિમ ઓપરેશનલ ક્લિયરન્સ વેરિઅન્ટમાં ૨૦ સ્ક્વોડ્રનનો સમાવેશ થાય છે. વડા પ્રધાન મોદીની અધ્યક્ષતામાં સુરક્ષા પરની કેબિનેટ સમિતિની મંજૂરી બાદ, ૮૩ એલસીએ એમકે૧એ વેરિઅન્ટ્સ માટે યુએસ ઈં૬ બિલિયનનો ઓર્ડર ફેબ્રુઆરી ૨૦૨૧માં એચએએલ સાથે મૂકવામાં આવ્યો હતો, જેની ડિલિવરી ૨૦૨૪ સુધીમાં થશે. આનો ઉપયોગ ૧૯૬૦ના દાયકાના સોવિયેત યુગના મિગ-૨૧ને બદલવા માટે કરવામાં આવશે. ૮૩ તેજસ ખરીદવા માટે રૂ. ૪૬,૮૯૮ કરોડના કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે અને હવે એરફોર્સ વધુ ૯૭ તેજસ જેટ એરક્રાફ્ટ ખરીદવાની યોજના બનાવી રહી છે. જો પ્રસ્તાવ મંજૂર થશે તો ૧૮૦ તેજસ જેટનો સમાવેશ થશે.

૮૩-જેટ ઓર્ડરમાં એલએસી એમકે૧એ ના સાત ટ્રેનર વેરિઅન્ટનો પણ સમાવેશ થાય છે. આ રીતે, તેજસ એરક્રાફ્ટનો આ સેટ ભારતીય વાયુસેનાના ઓછામાં ઓછા ચાર ફાઈટર સ્ક્વોડ્રનને સજ્જ કરવા માટે પૂરતો હશે. ૯૭ તેજસ જેટ ખરીદવાની મંજૂરી સાથે તેજસ એરક્રાફ્ટ અન્ય પાંચ ફાઈટર સ્ક્વોડ્રન માટે પૂરતા છે. આમ, તેજસ આગામી વર્ષોમાં ભારતીય વાયુસેનાની લડાયક શક્તિનો એક મહત્વપૂર્ણ ભાગ બનશે, જેમાં ૪૨ મંજૂર ફાઈટર સ્ક્વોડ્રનમાંથી ઓછામાં ઓછા દસ સ્વદેશી ફાઈટર જેટનું સંચાલન કરશે. આર્જેન્ટિના, નાઈજીરિયા, ફિલિપાઈન્સ અને ઈજિપ્ત જેવા દેશોને તેજસ જેટ ખરીદવામાં રસ છે જે બાબતે એચએએલ તેજસના નિકાસની શક્યતાઓ શોધી રહી છે. તેજસની વિશેષતાઓથી તે દેશ ખૂબ પ્રભાવિત છે, પરતું હજુ સુધી કોઈ દેશ તરફથી કોઈપણ પ્રકારની ડીલ ફાઈનલ થઈ નથી. આર્જેન્ટિનાના સંરક્ષણ પ્રધાન જોર્જ ટેનાએ એચએએલ ખાતે તેજસ જેટની વિશેષતાઓની સમીક્ષા કરી હતી. જો કે, એવા અહેવાલો છે કે આર્જેન્ટિના સાઉથ અમેરિકાના એફ-૧૬ થી વધુ પ્રભાવિત છે અને તેના માટે સોદો પણ કરી શકે છે.

તેજસની વિશેષતાઓ

- એલ્યુમિનિયમ, લિથિયમ એલોય, કાર્બન ફાઈબર કમ્પોઝીટ અને ટાઈટેનિયમ એલોય સ્ટીલની બોડી ધરાવે છે
- તેજસ હળવા વજનના ફાઈટર એરક્રાફ્ટ છે
- તેનું વજન ૬૫૬૦ કિલો છે અને તે ૧.૬ મેકની ઝડપે ઉડે છે
- લેન્ડિંગ અને ટેક ઓફ માટે ઓછી જગ્યાની જરૂર પડે છે
- તેમાં સ્થાપિત રડારને કારણે તે હવાથી હવામાં અને હવાથી જમીન પરના હુમલામાં અસરકારક છે
- તે તમામ પ્રકારના હવામાનમાં કામ કરી શકે છે અને તેના ૫૦ ટકા સ્પેરપાર્ટસ ભારતમાં જ બનાવવામાં આવે છે.

પ્રચંડ હેલિકોપ્ટરની ખાસિયત

- આ હેલિકોપ્ટરને હિંદુસ્તાન એરોનૉટિકસ લિમિટેડ (ૐછન) એ વિકસાવ્યુ છે.
- આમાં કેટલાય પ્રકારની મિસાઈલ અને હથિયાર લગાવી શકાય છે.
- હેલિકોપ્ટરમાં અનગાઈડેડ બોમ્બ અને ગ્રેનેડ લોન્ચર પણ લગાવી શકાય છે.
- લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર એક વારમાં સતત ૩ કલાક ૧૦ મિનિટ ઉડી શકે છે.
- આ ૬૫૦૦ ફૂટની ઉંચાઈ સુધી જઈ શકે છે.
- પ્રચંડ હેલિકોપ્ટર ૨૬૮ કિમી પ્રતિ કલાકની ઝડપે ઉડાન ભરી શકે છે.
- આની રેન્જ ૫૫૦ કિલોમીટર છે.
- આ હેલિકોપ્ટરની લંબાઈ ૫૧.૧૦ ફૂટ અને ઊંચાઈ ૧૫.૫ ફૂટ છે.
- બે એન્જિન વાળા આ હેલિકોપ્ટર દ્વારા પહેલા જ કેટલાક હથિયારોના ઉપયોગનુ પરીક્ષણ કરવામાં આવી ચૂક્યુ છે.

### ભારત દક્ષિણ આફ્રિકાના લાંબા પ્રવાસ પર જશે

# ભારત દ. આફ્રિકામાં ૩ ટીર૦, ૩ વન-ડે અને બે ટેસ્ટ રમશે

## ભારતનો આફ્રિકા પ્રવાસ ૧૦ ડિસેમ્બરથી શરૂ થશે, ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્માના નેતૃત્વ અંગે સસ્પેન્સ યથાવત

નવી દિલ્હી, તા.૩૦

ઓસ્ટ્રેલિયા સામેની પાંચ મેચની ટીર૦ શ્રેણી બાદ ભારતીય ક્રિકેટ ટીમ દક્ષિણ આફ્રિકાના લાંબા પ્રવાસ પર જશે. ટીમ ઈન્ડિયાને આફ્રિકામાં ત્રણ ટી-૨૦, ત્રણ વનડે અને બે ટેસ્ટ મેચની શ્રેણી રમવાની છે. ભારતનો આફ્રિકા પ્રવાસ ૧૦ ડિસેમ્બરથી શરૂ થશે. અહીં જાણો ભારતના દક્ષિણ આફ્રિકા મેચનું સંપૂર્ણ શિડ્યુલ.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)એ હજુ સુધી દક્ષિણ આફ્રિકા પ્રવાસ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરી નથી. રિપોર્ટ અનુસાર, ૨૦૨૪ના વર્લ્ડ કપ માટે જે ખેલાડીઓની પસંદગી થઈ શકે છે તે જ ખેલાડીઓને દક્ષિણ આફ્રિકા સામેની ટીર૦ શ્રેણીમાં સ્થાન મળશે.

ભારતના દક્ષિણ આફ્રિકા પ્રવાસની વાત કરીએ તો તેની શરૂઆત ત્રણ મેચની ટીર૦ શ્રેણીથી થશે. આ પછી, ત્રણ વનડે મેચો રમાશે અને અંતે બે મેચની ટેસ્ટ શ્રેણી રમાશે. ટીર૦ સિરીઝની પ્રથમ મેચ ૧૦ ડિસેમ્બરે રમાશે.

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ૧૦ ડિસેમ્બરે ડરબનમાં પ્રથમ ટીર૦ રમાશે. આ પછી, બીજી ટીર૦ ૧૨ ડિસેમ્બરે સેન્ટ જ્યોર્જ પાર્કમાં રમાશે અને ત્રીજી અને અંતિમ ટીર૦ ૧૪ ડિસેમ્બરે જોહાનિસબર્ગમાં રમાશે. આ પછી ૧૭ ડિસેમ્બરથી વનડે શ્રેણી શરૂ થશે. પ્રથમ વન-ડે જોહાનિસબર્ગમાં, બીજી વન-ડે ૧૯ ડિસેમ્બરે સેન્ટ જ્યોર્જ પાર્કમાં અને ત્રીજી અને અંતિમ વન-ડે ૨૧ ડિસેમ્બરે પાર્લમાં રમાશે. આ પછી, પ્રથમ બોક્સિંગ ડે ટેસ્ટ ૨૬ ડિસેમ્બરથી સેન્ચુરિયનમાં રમાશે. બીજી ટેસ્ટ ૩ જાન્યુઆરીથી શરૂ થશે.

ભારતના દક્ષિણ આફ્રિકાના મેચનો કાર્યક્રમ

- પ્રથમ ટીર૦- ૧૦ ડિસેમ્બર
- બીજી ટીર૦- ૧૨ ડિસેમ્બર
- ત્રીજી ટીર૦- ૧૪ ડિસેમ્બર
- પ્રથમ વન-ડે- ૧૭ ડિસેમ્બર
- બીજી વન-ડે- ૧૯ ડિસેમ્બર
- ત્રીજી વન-ડે- ૨૧ ડિસેમ્બર
- પ્રથમ ટેસ્ટ- ૨૬-૩૦ ડિસેમ્બર
- બીજી ટેસ્ટ- ૩-૭ જાન્યુઆરી

ભારતીય ટીમ દક્ષિણ આફ્રિકા સામે ટી-૨૦ સીરિઝ રમશે. શું આ સીરિઝમાં રોહિત શર્મા ભારતીય ટીમની કેપ્ટનશીપ કરશે? સમાચાર એજન્સીના જણાવ્યા અનુસાર, રોહિત શર્મા દક્ષિણ આફ્રિકા સામેની ટી-૨૦ શ્રેણીમાં ટીમ ઈન્ડિયાની કેપ્ટનશીપ કરવા નથી ઈચ્છતો પરંતુ બીસીસીઆઈ તેને મનાવવાનો પ્રયાસ કરશે. વાસ્તવમાં બીસીસીઆઈ ઈચ્છે છે કે દક્ષિણ આફ્રિકા સામેની ટીર૦ શ્રેણીમાં રોહિત શર્મા ભારતીય ટીમની કેપ્ટનશીપ કરશે. ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ૩ ટીર૦ મેચોની શ્રેણી રમાશે. આ શ્રેણીની પ્રથમ મેચ ૧૦ ડિસેમ્બરે ડરબનમાં રમાશે. આ પછી બીજી મેચમાં બંને ટીમો ૧૨ ડિસેમ્બરે ગકેબરાહામાં સામસામે ટકરાશે. આ શ્રેણીની ત્રીજી અને છેલ્લી ટીર૦ મેચ ૧૪ ડિસેમ્બરે જોહનિસબર્ગમાં રમાવવાની છે. માનવામાં આવી રહ્યું છે કે આ સીરિઝમાં ભારતીય ટીમમાં યુવા ખેલાડીઓને તક આપવામાં આવશે. જોકે, રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવા વરિષ્ઠ ખેલાડીઓના રમવા પર સસ્પેન્સ છે.

### ટીર૦ વર્લ્ડ કપ વિન્ડીઝ-અમેરિકાની યજમાનમાં રમાશે

# યુગાન્ડાની ટીમ ટીર૦ વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થઈ

## યુગાન્ડાએ મેન્સ ટીર૦ વર્લ્ડ કપ આફ્રિકા રિઝન ક્વાલિફાયરમાં રવાન્ડાને ૯ વિકેટથી હરાવી ટીર૦ વર્લ્ડ કપ માટે ક્વાલિફાઈ કર્યું

જ્હોનિસબર્ગ, તા.૩૦

યુગાન્ડાની ટીમે આઈસીસી મેન્સ ટીર૦ વર્લ્ડ કપ આફ્રિકા રિઝન ક્વાલિફાયરમાં રવાન્ડાને ૯ વિકેટથી હરાવી ટીર૦ વર્લ્ડ કપ૨૦૨૪ માટે ક્વાલિફાઈ કરી લીધું છે. આવતા વર્ષે ટીર૦ વર્લ્ડ કપ૨૦૨૪ જૂનમાં વેસ્ટ ઈન્ડિઝ અને અમેરિકાની યજમાનીમાં રમાશે. નામિબિયાએ પહેલાથી જ આઈસીસી મેન્સ ટીર૦ વર્લ્ડ કપઆફ્રિકા રિઝન ક્વાલિફાયર દ્વારા ટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૪ માટે તેમની ટિકિટ બુક કરી લીધી હતી.

યુગાન્ડાએ ટીર૦ વર્લ્ડ કપ૨૦૨૪ માટે ક્વાલિફાઈ કર્યું હોવાથી ઝિમ્બાબ્વેનું સપનું ચકનાચૂર થઈ ગયું છે અને તે આવતા વર્ષે ટીર૦ વર્લ્ડ કપમાં ભાગ લઈ શકશે નહીં. ઝિમ્બાબ્વે વન-ડે વર્લ્ડ કપ૨૦૧૯ અને વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩ માટે ક્વાલિફાઈ કરી શક્યું ન હતું, જ્યારે ટીર૦ વર્લ્ડ કપની વાત કરીએ તો ટીર૦ વર્લ્ડ કપ૨૦૨૨માં તેનું પ્રદર્શન સારું રહ્યું હતું અને તેણે પાકિસ્તાનને હરાવ્યું હતું.

ઝિમ્બાબ્વેએ ટીર૦ વર્લ્ડ કપ૨૦૨૨માં ત્રણ મેચ જીતી હતી. જેમાં પાકિસ્તાન સામે તેને ૧ રનથી જીત મળી હતી. આઈસીસી મેન્સ ટીર૦ વર્લ્ડ કપઆફ્રિકા રિઝન ક્વાલિફાયરમાં ૭ ટીમોએ ભાગ લીધો જેમાંથી ટોપ-૨ ટીમે ટીર૦ વર્લ્ડ કપ૨૦૨૪માં રમશે. યુગાન્ડા તેની ૬ મેચમાંથી ૫ મેચ જીતીને ટીર૦ વર્લ્ડ કપ૨૦૨૪ માટે ક્વાલિફાઈ કરી ચુક્યું છે. ઝિમ્બાબ્વે સામે યુગાન્ડાએ ૫ વિકેટથી જીત મેળવી હતી.

ટીર૦ વર્લ્ડ કપ૨૦૨૪ માટે અત્યાર સુધી ક્વાલિફાઈ થયેલી ટીમો : વેસ્ટ ઈન્ડિઝ, યુ.એસ.એ, ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, ભારત, નેધરલેન્ડ, ન્યુઝીલેન્ડ, પાકિસ્તાન, સાઉથ આફ્રિકા, શ્રીલંકા, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, આયર્લેન્ડ, સ્કોટલેન્ડ, પપુઆ ન્યુ ગીની, કેનેડા, નેપાળ, ઓમાન, નામીબિયા, યુગાન્ડા.

### ગુજરાત અંધેર નગરી બનવા તરફ, કરોડોનું વીજ બિલ બાકી

# ગુજરાતની ૧૫૭ પાલિકાઓને વોટર વર્કસના બીલ પેટે ૩૭૯ કરોડ ૪૭ લાખ ચૂકવવાના બાકી

## ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડે આ રકમ ભરવા આદેશ કર્યો છે

અમદાવાદ,તા.૩૦

દેશમાં સૌથી વધુ સમૃદ્ધ અને મોડેલ સ્ટેટ ગણાતા ગુજરાતની એક બાદ એક નગર પાલિકાઓ દેવાળું ફૂંકી રહી છે અને વિકાસનું ફૂલગુલાબી ચિત્ર ધીમે ધીમે ઓસરી રહ્યું છે. જી હા, ગુજરાતની નગર પાલિકાઓ પોતાનું લાઈટ બિલ ભરી શકી નથી. વિકાસના બણગા ફૂંકતા ગુજરાતમાં મોટી મોટી વાતો થાય છે. પરંતુ જમીની હકીકત કંઈ બીજી જ છે.

ગુજરાતની પાલિકાઓમાં અંધેર નગરી જેવો વહીવટ ચાલી રહ્યો છે. ટેક્સ ચૂકવ્યા બાદ પણ લોકોને તૂટેલા રસ્તાઓ, ખાડા, રખડતા ઢોરો, ટ્રાફિકની સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે વધુ એક ચોંકાવનારો ખુલાસો થયો છે. તમે તો ટેક્સ ભરી દો, પરંતું શું તમારી પાલિકા ટેક્સ ભરે છે. ગુજરાતની અનેક પાલિકાઓએ અનેક બિલ ચૂકવ્યા નથી. ગુજરાતની ૧૫૭ નગરપાલિકા, ૮ મ્યુનિસિપલ કોર્પોરેશને છેલ્લાં ચાર-પાંચ વર્ષથી વોટર વર્કસ અને સ્ટ્રીટ લાઈટનું વીજબિલ ભર્યુ જ નથી. વીજબિલ પેટેલ ૫૦૩ કરોડ ૩૫ લાખ અને ૫૭ હજાર રૂપિયા જેટલી રકમ વીજબિલ પેટે ભરવાની બાકી છે. જેથી ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડે આ રકમ ભરવા આદેશ કર્યો છે.

ઉર્જા વિતરણ કંપનીઓને ગુજરાતના વિવિધ પાલિકા અને નગરપાલિકાઓ પાસેથી ૨૪૩.૪૪ લાખ જેટલા રૂપિયા વસૂલવાના થાય છે. જે કુલ બાકી વીજબિલની રકમના ૫૦ ટકા કહેવાય. ત્યારે સરકારે પેન્ડિંગ બીલ તરત ભરી દેવા નગરપાલિકાઓને આદેશ કર્યો છે. જો સમયસર ચૂકવણી ન થાય તો શક્ય છે કે તમારા ઘરની બહાર અંધારું જોવા મળશે. સ્ટ્રીટ લાઈટો ચાલુ નહિ થાય.

ગુજરાત દેવા તળે ડૂબી રહ્યું છે. ગુજરાતના માથા પર દેવાનો ડુંગર મોટો થઈ રહ્યો છે. હવે તો સ્થિતિ એવી થઈ ગઈ છે કે, ગુજરાત સરકારનું દેવું ૩,૦૦૯૬૩ કરોડ પર પહોંચી ગયું છે. આવામાં ગુજરાતની અનેક પાલિકાઓમાં જન પ્રતિનિધિઓને બદલે વહીવટદારોનો કબજો છે. ક્યાંક ડેપ્યુટી કલેક્ટર તો ક્યાંક મામલતદારોથી વહીવટ ચાલી રહ્યો છે.

આ કારણોસર ટેક્સની વસૂલાત અને વીજબિલની રકમ ચૂકવવાની બાકી હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. ત્યારે સવાલ એ છે કે, શું આ દેવુ ચૂકવવા નવુ દેવુ કરવાનું.

આવામાં જનપ્રતિનિધિઓની નિમણૂંક સ્થાનિક સ્વરાજ્યોની ચૂંટણી પર આધારિત છે. જે હાલ યોજાવાની કોઈ શક્યતા દેખાઈ નથી રહી. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી હજી પેન્ડિંગ છે. તેથી લોકસભાની ચૂંટણી નજીક હોવાથી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પર અસર થઈ રહી છે.

### સર્વોચ્ચ અદાલતે સમલૈંગિક લગ્નોને કાયદેસર બનાવ્યા હતા

# સમલૈંગિક લગ્નને કાયદેસર બનાવનાર નેપાળ દક્ષિણ એશિયાનો પ્રથમ દેશ બન્યો

## ૩૫ વર્ષીય ટ્રાન્સ વુમન માયા ગુરૂંગ અને ૨૭ વર્ષીય ગે પુરૂષ સુરેન્દ્ર પાંડેએ કાયદેસર રીતે લગ્ન કરી લીધા

કાઠમંડુ, તા.૩૦

સમલૈંગિક લગ્નને કાયદેસર બનાવનાર નેપાળ દક્ષિણ એશિયાનો પ્રથમ દેશ બન્યો છે. નેપાળમાં પ્રથમ ગે કપલે તેમના લગ્નની નોંધણી પણ કરાવી છે. નેપાળની સર્વોચ્ચ અદાલતે અગાઉ આ અંગે પોતાનો ચુકાદો આપ્યો હતો. નેપાળે તેના પ્રથમ સમલૈંગિક લગ્નને સર્વોચ્ચ અદાલત દ્વારા કાર્યદેસર બનાવવામાં આવ્યાના પાંચ મહિના પછી ૨૯ નવેમ્બરે સત્તાવાર રીતે તેની નોંધણી કરી હતી. ૩૫ વર્ષીય ટ્રાન્સ વુમન માયા ગુરૂંગ અને ૨૭ વર્ષીય ગે પુરૂષ સુરેન્દ્ર પાંડેએ પશ્ચિમ નેપાળના લામજુંગ જિલ્લાની દોર્ડી ગ્રામીણ નગરપાલિકામાં કાયદેસર રીતે લગ્ન કર્યા હતા. આ માહિતી બ્લુ ડાયમંડ સોસાયટી નેપાળના પ્રમુખ સંજીબ ગુરુંગ (પિંકી)એ આપી હતી.


૨૦૦૭માં નેપાળની સુપ્રીમ કોર્ટે સમલૈંગિક લગ્નને મંજૂરી આપી હતી. ૨૦૧૫માં નેપાળના બંધારણમાં આ સંબંધમાં સુધારો કરવામાં આવ્યો હતો. બંધારણમાં જાતિના આધારે ભેદભાવ પર પ્રતિબંધ છે. ૨૭ જૂન, ૨૦૨૩ ના રોજ, સુપ્રીમ કોર્ટે નેપાળમાં સમલૈંગિક લગ્નને સત્તાવાર રીતે કાયદેસર બનાવવા માટે ગુરુંગ સહિતના વ્યક્તિઓની આગેવાની હેઠળની રિટ પિટિશનના આધારે વચગાળાનો આદેશ જારી કર્યો હતો. આ અભૂતપૂર્વ નિર્ણય હોવા છતાં, કાઠમંડુ ડિસ્ટ્રિક્ટ કોર્ટે જરૂરી કાયદાકીય માળખાની ગેરહાજરીને ટાંકીને ચાર મહિના પહેલા આ પગલાને નકારી કાઢ્યું હતું. તે સમયે સુરેન્દ્ર પાંડે અને માયાની લગ્નની અરજી ફગાવી દેવામાં આવી હતી.પિંકીએ કહ્યું કે તે સમલૈંગિક લગ્નની માન્યતાથી ખૂબ જ ખુશ છે. તેમણે કહ્યું, ‘‘નેપાળના તૃતીય લિંગના સમુદાય માટે આ એક મોટી ઉપલબ્ધિ છે. માત્ર નેપાળમાં જ નહીં પરંતુ સમગ્ર દક્ષિણ એશિયામાં આ પહેલો કેસ છે. અમે નિર્ણયનું સ્વાગત કરીએ છીએ.’’ નવલપારાસી જિલ્લાના વતની સુરેન્દ્ર અને મૂળ લામજુંગ જિલ્લાની માયાએ તેમના પરિવારની સંમતિથી પરંપરાગત લગ્ન કર્યા હતા. તેઓ છેલ્લા છ વર્ષથી પરિણીત યુગલ તરીકે રહે છે. પિંકીએ કહ્યું હતું કે, ‘ઘણા તૃતીય લિંગના યુગલો તેમની ઓળખ અને અધિકારો વિના જીવે છે. તેમને કાનૂની માન્યતા આપવાથી તેમને ઘણી મદદ મળશે. હવે આ સમુદાયના અન્ય લોકો માટે તેમના લગ્નને કાયદેસર બનાવવા માટે દરવાજા ખુલી ગયા છે.’

### બોલિવૂડની ડ્રામા ક્વીનને રાહત મળી

# રાખી સાવંતને ૭ ડિસેમ્બર સુધી ધરપકડમાંથી વચગાળાની રાહત

નવી મુંબઈ, તા.૩૦

બોલિવૂડની ડ્રામા ક્વીન રાખી સાવંત માટે એક રાહતના સમાચાર છે. રાખી સાવંતને તેના પતિ આદિલ દુર્રાની દ્વારા દાખલ કરવામાં આવેલા કેસમાં ૭ ડિસેમ્બર સુધી ધરપકડમાંથી વચગાળાની રાહત આપવામાં આવી છે. આદિલે આરોપ લગાવ્યો હતો કે રાખી સાવંતે કથિત રીતે તેનો અંગત વીડિયો મીડિયાને બતાવ્યો હતો. રાખીના વકીલ એડવોકેટ



અલી કાશિફ ખાન દેશમુખે આ માહિતી આપી છે.

### હમાસ-ઈઝરાયેલ યુદ્ધવિરામ લંબાવવાની અટકળો

# ઈઝરાયેલના વડાપ્રધાને યુદ્ધ ચાલુ રાખવા તૈયાર હોવાના સંકેત આપ્યા

## અમે ફરી યુદ્ધ શરુ કરવા જઈ રહ્યા છે, બંધકો મુકત કરાશે તે પછી અમે લશ્કરી અભિયાન ફરી શરુ કરીશું : નેતાન્યાહૂ

તેલ અવીવ, તા.૩૦

હમાસ અને ઈઝરાયેલ વચ્ચેનો યુધ્ધ વિરામ લંબાશે કે નહીં તેની અટકળો વચ્ચે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહૂએ ઈઝરાયેલ યુધ્ધ ચાલુ રાખવા તૈયાર હોવાનો સંકેત આપ્યો છે.

નેતાન્યાહૂએ કહ્યુ હતુ કે, છેલ્લા કેટલાક દિવસોથી સતત સવાલ પૂછાઈ રહ્યો છે કે, બંધકોની વાપસી બાદ ઈઝરાયેલ ફરી યુધ્ધ શરુ કરશે તો...મારો જવાબ સ્પષ્ટ છે કે, હા અમે ફરી યુધ્ધ શરુ કરવા જઈ રહ્યા છે. બંધકો મુકત કરાશે તે પછી અમે લશ્કરી અભિયાન ફરી શરુ કરીશું. નેતાન્યાહૂએ કહ્યુ હતુ કે, એવી કોઈ સ્થિતિ નથી કે અમારે છેવટ સુધીની લડાઈમાંથી પીછેહઠ કરવી પડે. આ મારી નીતિ છે અને મારી કેબિનેટ પણ તેની સાથે સંમત છે. સમગ્ર સરકારનો આ નીતિને સપોર્ટ છે. સૈનિકો પણ લડાઈ અટકાવવા નથી માંગતા.

બીજી તરફ હમાસે પણ એક નિવેદન આપતા કહ્યુ છે કે, સંઘર્ષ વિરામની સમાપ્તિ બાદ ઉભી થનારી શક્યતાઓને લઈને અમે તૈયારી કરી દીધી છે. જો ઈઝરાયેલ હુમલો કરશે તો અમે વળતો જવાબ આપીશું અને જો ઈઝરાયેલ શાંતિ રાખશે તો અમે પણ શાંત રહીશું.

બુધવારે રાત્રે ગાઝામાંથી ઈઝરાયેલના ૧૬ લોકોને મુક્ત કરવામાં આવશે. અત્યાર સુધી હમાસે ૯૭ લોકોને મુકતા કર્યા છે પણ હજી તેની પાસે બીજા ૧૫૯ નાગરિકો બંધક હોવાનુ અનુમાન થઈ રહ્યુ છે.


‘‘અમરેલી એક્સપ્રેસ’’
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
‘‘અમરેલી એક્સપ્રેસ’’ના પત્રકારોને વિનંતી કે,ઇ-મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
‘‘અમરેલી એક્સપ્રેસ’’ દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.


### ગુજરાતમાં ઠંડીની શરુઆત

# કાંકરિયામાં પશુ-પક્ષીઓના ઠંડીથી બચાવ માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી

## વાઘ, સિંહ દીપડા વગેરે જેવા પ્રાણીઓના પાંજરા પાસે હીટર મુકવામા આવ્યા છે સાથે સાથે ઘાંસ પાથરવામા આવ્યું છે જેના પર બેસી તેઓ ગરમી મેળવી શકે છે

અમદાવાદ,તા.૩૦

ગુજરાતમાં ઠંડીની શરુઆત થઈ ગઈ છે. વહેલી સવારે અને રાત્રે તો ઠંડીનો અહેસાસ થઈ જ રહ્યો છે. સાથે જ બપોરે પણ થોડા થોડા ઠંડા પવનો ફુંકાવાની શરુઆત થઈ ગઈ છે. માણસોએ પોતાના જુના સ્વેટર અને જેકેટ બહાર કાઢીને પહેરવાની શરુઆત થઈ ગઈ છે. જો કે અમદાવાદના કાંકરિયામાં પશુ-પક્ષીઓના ઠંડીથી બચાવ માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

પશુ-પક્ષી અને સરીસૃપોને ઠંડીથી રક્ષણ આપવા માટે અમદાવાદમાં આવેલા કમલા નહેરુ પ્રાણીસંગ્રહાલયમાં ખાસ વ્યવસ્થા કરવામા આવી છે. વાઘ,સિંહ દીપડા વગેરે જેવા પ્રાણીઓના પાંજરા પાસે હીટર મુકવામા આવ્યા છે સાથે સાથે ઘાંસ પાથરવામા આવ્યુ છે.જેના પર બેસી તેઓ ગરમી મેળવી શકે છે. પક્ષીઓને પણ ઠંડીથી બચાવવા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. પક્ષીઓના પાંજરા પર બ્રુડટ લગાવામા આવ્યા છે. સાપ,કાચબા વગેરે માટે માટલા નીચે બલ્બની વ્યવસ્થા કરવામાં આવી છે. બલ્બની મદદથી તેઓ ગરમી મેળવે છે. ઠંડીની સીઝનમા માનવીને શરદી-ઉધરસ થાય છે તો પશુ-પંખી રેસ્પાઈરેટ્રી ટ્રેક ઈન્ફેકશનનો ભોગ બને છે.તેઓને જરુરી મેડિકલ સારવાર આપવામા આવે છે.

ઠંડીમાં હાથીના શરીરનું તાપમાન ૯૬ ડિગ્રી હોય છે, તેમના શરીરનું તાપમાન જાળવવા માટે ખાસ વસાણું ખવડાવવામાં આવે છે. રાગી, કુલથી, ચોખા, ગોળ, સુંઠ ,ટોપરામાંથી ૪થી૫ કીલો વજનનો એક લાડુ તૈયાર કરવામા આવે છે. જે હાથીને અપાય છે.હાથી રોજ આવા ૮ લાડું આરોગી જાય છે. શિયાળા માટે કાંકરિયામાં કુલ ૧૩ હીટર, ૨૫ બ્રુડર, સરીસૃપ માટે ૩૫ ગરબાના માટલા અને વિશેષ રીતે પડદા લગાવવાનું કામ કરવામાં આવ્યું છે.

### ચીનમાંથી ઉદ્‌ભવેલી બિમારી સામે દેશમાં એલર્ટ

# બે બાળકોમાં ઈન્ફ્લ્યુએન્ઝા જેવા લક્ષણો જોવા મળ્યા

નવી મુંબઈ, તા.૩૦

ચીનમાં બાળકોમાં શ્વાસ સંબંધીત ચેપ ઝડપથી ફેલાઈ રહ્યો છે. દરરોજ મોટી સંખ્યામાં દર્દીઓ આગળ આવી રહ્યા છે.

ચીનમાં ફેલાતા રોગને લઈને ઉત્તરાખંડમાં એલર્ટ જારી કરવામાં આવ્યું છે. કોરોના બાદ હવે દેશના લગભગ તમામ રાજ્યો ચીનમાંથી ઉદભવેલી આ બીમારીને લઈને એલર્ટ પર છે. આરોગ્ય વિભાગે એલર્ટ જાહેર કર્યા બાદ તમામ બાબતો પર બારીકાઈથી નજર રાખવામાં આવી રહી છે. આ જ ક્રમમાં, ઉત્તરાખંડના બાગેશ્વરમાં બે બાળકોમાં ઈન્ફલ્યુએન્ઝા જેવા લક્ષણો જોવા મળ્યા છે. આ સંદર્ભે બાળકોના સેમ્પલ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે.

ઉત્તરાખંડના આરોગ્ય વિભાગે ચીનમાં માઈક્રો પ્લાઝ્મા ન્યુમોનિયા અને ઈન્ફલ્યુએન્ઝાના પ્રસારને લઈને તકેદારી રાખવાનું શરૂ કર્યું છે. આ અંગે એલર્ટ પણ જારી કરવામાં આવ્યું છે. હવે એલર્ટ બાદ બાગેશ્વર જિલ્લામાં બે બાળકોમાં ઈન્ફલ્યુએન્ઝા જેવા લક્ષણો જોવા મળ્યા છે. બંનેના સેમ્પલ સુશીલા તિવારી હોસ્પિટલમાં પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે અને ટેસ્ટ રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. તપાસનો રિપોર્ટ ૪ થી ૫ દિવસમાં આવશે. તપાસ રિપોર્ટ આવ્યા બાદ જ આગળનો કોઈ નિર્ણય લેવામાં આવશે કે આ વાયરસ એ જ છે કે નહીં. હાલમાં આરોગ્ય વિભાગ આ બાબતે સંપૂર્ણ સતર્ક હોય તેવું લાગી રહ્યું છે.

મહત્વનું છેકે, માયકોપ્લાઝ્મા ન્યુમોનિયા અને ઈન્ફલ્યુએન્ઝા ફલૂના કેસોને લઈને ડબલ્યુએચઓ -વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનને પણ ચિંતા વ્યક્ત કરી છે અને ચીન સાથે સંબંધિત માહિતી માંગી છે.

### ત્રિવેણી સંગમ પર હજારો દીવડા પ્રગટાવ્યા

# તમિલનાડુથી આવેલા ૪૦૦ સ્વંય સેવકોએ સોમનાથની સફાઈ કરી

## સોમનાથ ટ્રસ્ટના ચેરમેન અને દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ ગૃહ મંત્રી અમિત શાહના આ ધર્મ કાર્યને મુક્ત મને બિરદાવ્યા હતા

ગીર સોમનાથ,તા.૩૦

તમિલનાડુમાંથી જગતગૂરૂ સેવા સંસ્થાના ૪૦૦ જેટલા ભક્તો સમગ્ર દેશભરમાં પૌરાણિક મંદિરોની સફાઈ માટે અનોખી યાત્રા કરી રહ્યાં છે. ત્યારે આ સંસ્થાના ૪૦૦ જેટલા ભાઈ બહેનો સોમનાથ પહોંચ્યા છે. સોમનાથ ટ્રસ્ટ સંચાલિત પ્રાચી તીર્થના પૌરાણિક મંદિરોની સફાઈ કરી અને સાંયકાળ પ્રદોષ સમયે હરિદ્વારમાં થતી ગંગા આરતી સમી ત્રિવેણી સંગમની મહા આરતી કરી ધન્યતા અનુભવી હતી.તામિલનાડુ સ્થિત જગતગુરુ સેવા સંસ્થાના ૪૦૦ જેટલા ભાઈ બહેનો સમગ્ર દેશભરમાં ફરીને પૌરાણિક સમયના મંદિરો અને ધર્મ સ્થળોની સફાઈ કરવા માટે દર માસે યાત્રા યોજે છે. આ ભાઈ બહેનોની યાત્રા સોમનાથ પહોંચી છે. આજે સોમનાથમાં તેમણે સોમનાથ ટ્રસ્ટ સંચાલિત પ્રાચીન તીર્થના પૌરાણિક મંદિરોની સાફ સફાઈ કરી હતી. અને મોડી સાંજે પ્રદોષ કાળે સંધ્યા સમયે [redacted]

આવા પૌરાણિક અને ઐતિહાસિક જે મંદિરો છે તેનો પણ જીર્ણોધ્ધાર કરાય અને તે પણ ભવ્યતા પામે તેમ જ તામિલનાડુમાં પણ હજુ વધુ આવા ભવ્ય મંદિરોનું ફરીથી નવીનીકરણ થાય તેવી અમે મોદીજી અને અમિત શાહને વિનંતી કરીએ છીએતમિલનાડુથી આ અનોખી સેવા યાત્રા વૃંદાવન ગોકુળ મથુરા થઈ અને જ્યારે સોમનાથ પહોંચી છે. ત્યારે તમામ યાત્રિકોએ ગુજરાતની આમ પ્રજાના મુક્ત મને વખાણ કર્યા હતા. લોકોનો સહયોગ અને તીર્થોમાં યાત્રિકોની રહેવા જમવા સહિતની સુવિધાઓને બિરદાવી હતી. અહીં ખૂબ જ વ્યાજબી ભાવે રહેવા જમવા તેમજ લોકોનો સહયોગ ખૂબ જ વંદનીય ગણાવ્યો હતો. હજુ આ યાત્રા ગુજરાતના આવા અનેક પૌરાણિક તીર્થસ્થાનો અને મંદિરોની સફાઈ અવિરત ચાલુ રાખશે તેવું તેઓએ જણાવ્યું હતું.

### હાર્ટ એટેકના બનાવોમાં ચિંતાજનક વધારો

# ભાવનગર મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતા MBBS ના વિદ્યાર્થીનું મોત નિપજ્યું

## જીગર ચૌધરી ને તેના સહાધ્યાયી મિત્રો સવારે ઉઠાડવા ગયા હતા પરંતુ તે જાગ્યો જ નહીં

ભાવનગર,તા.૩૦, ભાવનગર મેડિકલ કોલેજમાં અભ્યાસ કરતા MBBS ના વિદ્યાર્થીનું મોત નિપજ્યું છે. જીગર ચૌધરી નામના MBBS ના બીજા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીનું મોત થતા કેમ્પસમાં ટેન્શનનો માહોલ છવાયો છે. મૂળ બનાસકાંઠાનો જીગર ચૌધરી ભાવનગર મેડિકલ કોલેજમાં MBBS નો અભ્યાસ કરતો હતો. મેડિકલ કોલેજની હોસ્ટેલના રૂમ નંબર ૪૦૯ માં રહેતો વિદ્યાર્થી રાત્રે સુઈ ગયા બાદ સવારે ઉઠ્યો જ નહીં. જીગર ચૌધરી ને તેના સહાધ્યાયી મિત્રો સવારે ઉઠાડવા ગયા હતા પરંતુ તે જાગ્યો જ નહીં. તેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવતા તબીબોએ તેને મૃત જાહેર કર્યો. હાલ વિદ્યાર્થીને હાર્ટ એટેક આવ્યો હોવાનું પ્રાથમિક તારણ જાણવા મળ્યું છે, પરંતુ સાચું કારણ તો પીએમ થયા બાદ બહાર આવશે હાલના સમયમાં હાર્ટ એટેકના બનાવોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે.કોરોનાકાળ બાદ યુવાનોમાં હૃદયરોગના હુમલાથી મોતના અનેક કિસ્સા પ્રકાશમાં આવતા રહ્યા છે. ત્યારે ભાવનગર મેડિકલ કોલેજમાં વિદ્યાર્થીના મોત બાદ કેમ્પસમાં શોકનો અને ડરનો માહોલ ફેલાયો છે.

# અવસાન નોંધ

**દામનગર :** ઔદિચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ મરણ (દામનગર.). પ્રકાશભાઈ જીવનલાલ આચાર્ય (ઉ.વ.–૩૮) તે દિલીપ ભાઈ, રમેશભાઈ (રસોયા), બળવંતભાઈ, અતુલભાઈ (ટીકાભાઈ), હંસાબેન અનોપરાય જાની (શિહોર), રેખાબેન ચંદ્રેશકુમાર જોષી (સાવરકુંડલા), જયશ્રીબેન વિશાલકુમાર જોષી (સાવરકુંડલા)નાં નાના ભાઈ થાય. વિક્રમભાઈ, રવિભાઈ, રઘુભાઈ, બ્રિજેશભાઈ પુષ્પકભાઈ, ચેતનભાઈ, સોનલબેન વૈભવકુમાર રાવળ (શિહોર), સેજલબેન અશ્વીનકુમાર દવે (દામનગર), બીનાબેન રમેશકુમાર જોષી (તરસડા), સ્નેહાબેન અને આસ્થાબેનના કાકાનું તા. ૩૦/૧૧/૨૩ ને ગુરૂવારના રોજ દામનગર મુકામે કૈલાસવાસી થયેલ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૬૮ | ૧૪૭૨ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૧૦૨૪ | ૧૦૨૪ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૭૦ | ૧૫૧૦ |
| ૨ | મગફળી | ૧૨૪૧ | ૧૩૩૯ |
| ૩ | તલ સફેદ | ૨૫૬૦ | ૩૨૨૦ |
| ૪ | ઘઉં | ૫૧૦ | ૫૪૦ |
| ૫ | ચણા | ૯૨૦ | ૧૧૭૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૦ | ૧૪૭૨ |
| ૨ | મગફળી | ૧૧૦૦ | ૧૩૭૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૯૫૦ | ૧૫૦૦ |
| ૨ | શીંગદાણા | ૧૪૦૦ | ૧૬૩૦ |
| ૩ | તલ સફેદ | ૨૦૫૦ | ૩૫૨૦ |
| ૪ | તલ કાળા | ૧૮૦૦ | ૩૩૪૫ |
| ૫ | તલ કાશ્મીરી | ૩૫૦૦ | ૪૦૪૪ |
| ૬ | બાજરો | ૩૯૮ | ૫૨૬ |
| ૭ | જુવાર | ૬૨૧ | ૧૨૦૭ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૩૪ |
| ૯ | ઘઉં લોકવન | ૫૦૦ | ૬૦૮ |
| ૧૦ | મગ | ૧૦૦૦ | ૨૧૦૧ |
| ૧૧ | અડદ | ૮૦૦ | ૧૬૫૦ |
| ૧૨ | ચણા | ૮૦૦ | ૧૩૮૧ |
| ૧૩ | કપાસ | ૧૦૦૦ | ૧૪૭૧ |
| ૧૪ | જીરૂ | ૭૦૦૦ | ૮૨૦૦ |
| ૧૫ | રાય | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૬ | ધાણા | ૧૩૭૦ | ૧૫૪૦ |
| ૧૭ | મેથી | ૮૦૦ | ૧૨૬૫ |
| ૧૮ | સોયાબીન | ૮૦૦ | ૯૮૨ |
| ૧૯ | રજકાનું બી | ૩૩૨૫ | ૪૩૦૦ |

## જાહેર નોટિસ

**લાઠીના મહે.પ્રિન્સિપાલ સીવીલ જજ અને જયુ.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં મુ.:લાઠી**

ફોજદારી પરચુરણ અરજી નંબર :– ૧૭૪/૨૦૧૩
મુદત તારીખ : ૨૮/૧૨/૨૦૨૩

ફરીયાદી :– ઝવેરભાઈ તળશીભાઈ ચિતલીયા
રહે. ધામેલ, તા. લાઠી, જી. અમરેલી.

**વિરૂધ્ધ**

આરોપી :– (૧) વિનુભાઈ મનજીભાઈ ઢોલક વિગેરે–૨
રહે. હડમતીયા, તા. ઉમરાળા, જી. ભાવનગર.

**જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા સર્વેને જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર ઝવેરભાઈ તળશીભાઈ ચિતલીયા અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના ધામેલ ગામના રહેવાસી છે. અરજદારે આ કોર્ટમાં મુદ્દામાલ પાછો મેળવવા અરજી કરેલ છે અત્રેની કોર્ટ ફોજદારી પરચુરણ અરજી નંબર :–૧૭૪/૨૦૧૩ કલમના કામે મુદ્દામાલ રોકડ રકમ ૨૬,૦૦૦/– તથા કાચા હીરા અને તૈયાર કરેલા હીરા આશરે રૂપીયા ૪૦,૦૦૦/–ની કીંમતના હીરા કબજે કરેલ હોય તે પાછો મેળવવા અરજી કરેલ છે. આ અરજી સામે કોઈ ને વાંધો/તકરાર કે હરકત હોઈ તેમણે મુદત તારીખ : ૨૮/૧૨/૨૩ ના રોજ અત્રેની લાઠી કોર્ટ ખાતે સવારના ૧૦:૦૦ કલાકે ઉપસ્થિત રહેવુ તેમ કરવામાં કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

મુ. લાઠી
તા. ૦૬/૧૨/૨૦૨૩

| તૈયાર કરનાર | સિક્કો | મુકાબલ કરનાર | રજીસ્ટ્રાર |
|---|---|---|---|
| (વી.કે. ગોહીલ) | | (આઈ.બી. ભટ્ટ) | પ્રીન્સીપાલ સીવીલ કોર્ટ, લાઠી |

## જાહેર નોટિસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ (એડવોકેટ)** તે અમારા અસીલશ્રી **Teq Green Power XII Private Ltd.** ની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલ્કત નીચેની વિગેતે ખરીદ કરેલ છે,

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ–વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૩(ત્રણ)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડી થી જાણ કરવી. દિવસ –૦૩ નો સમય વિત્યાબાદ કોઈ ના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે :– મીયાખીજડીયા ગામના, ખેડ ખાતા નં–૨૦૪ રે.સ.નં. ૧૩ પૈકી ૬ ની કુલ જમીન હે. ૦–૮૦–૯૪ ચો.મી.માંથી હે.૦–૪૦–૪૭ ચો.મી. વાળી ખેતીની જમીનમાંથી અમારા અસીલશ્રીએ (૧) ભોજાભાઈ દેવાયતભાઈ (૨) જનુબેન ભોજાભાઈ કનાળા (૩) વિજયભાઈ ભોજાભાઈ કનાળા (૪) કાજલબેન ભોજાભાઈ કનાળા (૫) રેખાબેન ભોજાભાઈ કનાળા (૬) જયદેવભાઈ ભોજાભાઈ કનાળા પાસેથી રજી. વેચાણ દસ્તાવેજ નં– ૧૯૦૯/૨૩ તા. ૧૬/૧૦/૨૦૨૩ થી યોગ્ય અવેજ ચુકવી ખરીદ કરેલ છે.**

તા. ૦૧/૧૨/૨૦૨૩
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીનાં રોકડીયાપરા નજીક

પાના ૧ ઉપરનું ચાલું

લીલીયા રોડ પર રોકડીયાપરામાંથી ચાલીને પસાર થતાં હતા ત્યારે પાછળ થી પુરપાટ ઝડપે આવેલ અજાણ્યા વાહને હડફેટે લેતા પ્રૌઢ રોડ પર ફંગોળ ાયા હતા અને ગંભીર ઈજા પહોંચી હતી. તેઓને સારવારમાં રાજકોટ સિવિલ હોસ્પિટલે ખસેડાયા હતા જયાં તેમનું મોત નિપજયું હતું. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે અમરેલી પોલીસને જાણ કરી હતી. વધુમાં મૃતક બે ભાઈમાં નાનો અને અપરિણીત તેમજ મુળ મધ્યપ્રદેશના વતની હતા. બનાવથી પરિવારમાં કલ્પાંત છવાયો હતો.

## પાના ૧ ઉપરનું ચાલું સાવરકુંડલાનાં બાઢડા ગામે

વ્યકિતની કાળજી લઈને કામ કરતી કેન્દ્રની મોદી સરકાર દ્વારા પાંચ વર્ષ ગરીબોને મફત અનાજ મળશે, જયારે ઘર ઘર જળનું મહત્વ પૂર્ણ અંતિમ તબ્બકામાં હોય તેમજ બાળકના જન્મથી માણસના મૃત્યુ સુધીના દરેક તબકકે કેન્દ્ર સરકારનો માનવીય સહયોગનો સુંદર અભિગમ ખરાઅર્થમાં સાર્થક સાબિત થતો હોય તેમ આયુષ્યમાન ભારત યોજનાની સફળતાથી ગરીબોના આશીર્વાદ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાથે હોય. જેના ફળ સ્વરૂપે સરકારી લાભો ગરીબોના ઘર સુધી પહોંચે તે આ વિકસિત ભારત યાત્રાનો સંકલ્પ સાર્થક કરવાનો મુખ્ય ઉદ્દેશ છે પાણી, શિક્ષણ, ઈન્ફ્રાસ્ટકચર, રેલ્વે, કૃષી, સિંચાઈને કેન્દ્ર અને રાજય સરકારની પ્રથમ પ્રાથમિકતા છે જે પ્રાથમિકતાને ધ્યાને લઈને સરકાર નક્કર કામગીરીઓ કરે તે માટે આઝાદીના ૧૦૦ વર્ષ નવા ભારતનો સંકલ્પ થાય તે માટે દરેક જન જનના આશીર્વાદની જરૂર હોવાનું ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ પોતાના વકતવ્ય દરમ્યાન જણાવ્યું હતુ. તેમ સ્તવ અટલધારા કાર્યાલયના જે.પી. હીરપરાની યાદીમાં જણાવ્યું છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૮૫ | ૧૪૬૫ |
| ૨ | મગફળી | ૯૮૦ | ૧૩૦૦ |
| ૩ | ઘઉં | ૪૨૫ | ૫૮૫ |
| ૪ | ચણા | ૧૦૪૦ | ૧૧૭૧ |
| ૫ | ધાણા | ૧૨૦૦ | ૧૪૩૦ |
| ૬ | સોયાબીન | ૯૨૬ | ૯૪૫ |
| ૭ | અડદ | ૧૬૫૫ | ૧૭૫૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૦૦ | ૧૩૬૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૫૧ | ૧૪૬૧ |
| ૩ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૩૫૧ |
| ૪ | તલ કાળા | ૨૯૦૦ | ૩૧૦૦ |
| ૫ | જીરૂ | ૮૦૦૦ | ૯૦૫૧ |
| ૬ | કપાસ | ૧૨૫૧ | ૧૪૫૨ |
| ૭ | ઘઉં લોકવન | ૪૯૦ | ૫૮૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૧૧ | ૬૭૫ |
| ૯ | બાજરો | ૩૬૯ | ૫૧૦ |
| ૧૦ | જુવાર | ૮૨૧ | ૧૩૦૦ |
| ૧૧ | મકાઈ | ૭૪૨ | – |
| ૧૨ | મગ | ૨૨૦૧ | – |
| ૧૩ | અડદ | ૧૭૨૫ | ૨૩૧૧ |
| ૧૪ | ચણા | ૧૦૦૦ | ૧૩૪૩ |
| ૧૫ | સોયાબીન | ૮૫૦ | ૯૭૩ |
| ૧૬ | તુવેર | ૧૩૦૦ | – |
| ૧૭ | ધાણા | ૧૩૫૧ | – |
| ૧૮ | રાય/રાયડો | ૧૩૦૧ | – |
| ૧૯ | મેથી | ૧૧૮૪ | ૧૨૦૦ |

## જાહેર નોટિસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ (એડવોકેટ)** તે અમારા અસીલશ્રી **Teq Green Power XII Private Ltd.** ની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલ્કત નીચેની વિગેતે ખરીદ કરેલ છે,

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ–વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૩(ત્રણ)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડી થી જાણ કરવી. દિવસ –૦૩ નો સમય વિત્યાબાદ કોઈ ના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે :– સમઢીયાળા ગામના, ખેડ ખાતા નં–૧૭૦ રે.સ.નં.૩૯૮ (જુનો રે.સ.નં. ૨૨)ની કુલ જમીન હે. ૨–૪૫–૫૮ ચો.મી.માંથી હે.૦–૪૦–૪૭ વાળી ખેતીની જમીન માંથી અમારા અસીલશ્રીએ (૧) રજુબેન અભુભાઈ દાંતી (૨) જયેશભાઈ અભુભાઈ દાંતી (૩) દેવકુભાઈ અભુભાઈ દાંતી (૪) લખમણભાઈ અભુભાઈ દાંતી પાસેથી રજી. વેચાણ દસ્તાવેજ નં–૧૪૩૨/૨૩ તા.૧૩/૦૭/૨૦૨૩ થી યોગ્ય અવેજ ચુકવી ખરીદ કરેલ છે.**

તા. ૦૧/૧૨/૨૦૨૩
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

## જાહેર નોટિસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ (એડવોકેટ)** તે અમારા અસીલશ્રી **Teq Green Power XII Private Ltd.** ની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલ્કત નીચેની વિગેતે ખરીદ કરેલ છે,

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ–વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૩(ત્રણ)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડી થી જાણ કરવી. દિવસ –૦૩ નો સમય વિત્યાબાદ કોઈ ના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે :– મીયાખીજડીયા ગામના, ખેડ ખાતા નં–૨૩૮ રે.સ.નં. ૮૮ પૈકી ૩ ની કુલ જમીન હે. ૨–૮૧–૨૬ ચો.મી.માંથી હે.૦–૪૦–૪૭ ચો.મી. વાળી ખેતીની જમીનમાંથી અમારા અસીલશ્રીએ ભાલુ નાગજીભાઈ રત્નાભાઈ પાસેથી રજી. વેચાણ દસ્તાવેજ નં.–૨૦૩૯/૨૩ તા. ૧૦/૧૧/૨૦૨૩ થી યોગ્ય અવેજ ચુકવી ખરીદ કરેલ છે.**

તા. ૦૧/૧૨/૨૦૨૩
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

## પાના ૮ ઉપરનું ચાલું બાબરાને મામલતદાર કચેરી

મુખ્યમંત્રી તેમજ આરોગ્ય મંત્રીને રજૂઆતો કરેલ હતી. જેના અનુસંધાને મુખ્યમંત્રી તેમજ આરોગ્ય મંત્રી દ્વારા રજૂઆતને ધ્યાને લઈને તુરંત જ આરોગ્ય વિભાગને યોગ્ય આદેશો કરીને એ હવાલો માંગવામાં આવેલ. આગામી દિવસોમાં બાબરા શહેરની તેમજ તાલુકાની જનતાને નવું આધુનિક સુવિધાસભર સબ ડિવિઝન હોસ્પિટલના દરરજા સાથેની આરોગ્યલક્ષી સેવાનું નજરાણું પ્રાપ્ત થશે તેમજ બાબરા શહેરની મધ્યમાંથી પસાર થતી બાબરા શહેરની શાન એવી કાળુભાર નદીને ઊંડી ઉતારવા માટે મુખ્યમંત્રીને રજૂઆત કરેલ હતી. તેના પગલે મુખ્યમંત્રી દ્વારા સંબંધિત ડિપાર્ટમેન્ટને કામગીરી કરવા માટે યોગ્ય આદેશ આપેલ છે. જેના પગલે વહીવટી તંત્ર દ્વારા તેમજ સ્થાનિક સંસ્થા દ્વારા કાળુભાર નદીને તાત્કાલિક સર્વે કરીને આગામી દિવસોમાં કાળુભાર નદીને ૧૨ થી ૧૫ ફૂટ ઊંડી ઉતારવા કામગીરી હાથ ધરવામાં આવશે તેથી બાબરા શહેરની જનતાને ચોમાસાની ઋતુમાં પડતી મુશ્કેલી દૂર થશે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૦૦ | ૧૪૦૦ |
| ૨ | તલ સફેદ | ૩૦૫૧ | ૩૧૫૧ |
| ૩ | તલ કાળા | ૧૫૫૧ | ૩૩૦૧ |
| ૪ | કપાસ | ૧૨૭૦ | ૧૪૭૫ |
| ૫ | બાજરો | ૪૪૦ | ૫૫૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૮૫ | ૬૦૦ |
| ૭ | જુવાર | ૬૩૦ | ૧૩૨૫ |
| ૮ | મકાઈ | ૫૭૦ | ૫૭૦ |
| ૯ | મગ | ૧૮૦૧ | ૨૪૨૫ |
| ૧૦ | મઠ | ૧૫૩૧ | ૧૮૬૧ |
| ૧૧ | અડદ | ૧૫૦૦ | ૨૩૨૫ |
| ૧૨ | ધાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૩ | ચણા | ૮૫૦ | ૧૧૦૧ |
| ૧૪ | સોયાબીન | ૭૦૧ | ૯૪૩ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૭૦ | ૧૪૮૯ |
| ૨ | ચણા | ૧૧૦૪ | ૧૧૬૪ |
| ૩ | મગ | ૧૪૦૦ | ૧૭૯૫ |
| ૪ | સોયાબીન | ૭૬૧ | ૯૬૧ |
| ૫ | અડદ | ૧૫૦૧ | ૧૮૯૯ |
| ૬ | મગફળી | ૯૦૦ | ૧૨૨૦ |
| ૭ | જુવાર | ૭૦૦ | ૧૨૫૦ |
| ૮ | ઘઉં લોકવન | ૫૧૨ | ૫૫૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૩૭ | ૫૮૫ |
| ૧૦ | લસણ | ૨૫૦૫ | ૩૦૦૫ |
| ૧૧ | ધાણા | ૧૦૧૫ | ૧૫૫૧ |
| ૧૨ | શીંગદાણા | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ૧૩ | ડુંગળી | ૫૦૧ | ૫૦૧ |
| ૧૪ | તલ સફેદ | ૩૧૪૦ | ૩૧૫૫ |
| ૧૫ | મકાઈ | ૫૦૦ | ૫૦૦ |
| ૧૬ | તુવેર | ૧૪૫૦ | ૧૪૫૦ |
| ૧૭ | જીરૂ | ૭૦૦૦ | ૭૦૦૦ |
| ૧૮ | ચણા સફેદ | ૧૩૨૫ | ૧૩૨૫ |

## જાહેર નોટિસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ (એડવોકેટ)** તે અમારા અસીલશ્રી **Teq Green Power XII Private Ltd.** ની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલ્કત નીચેની વિગેતે ખરીદ કરેલ છે,

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ–વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૩(ત્રણ)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડી થી જાણ કરવી. દિવસ –૦૩ નો સમય વિત્યાબાદ કોઈ ના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે :– વાવડા ગામના, ખેડ ખાતા નં–૪૬૦ રે.સ.નં. ૩૬ની કુલ જમીન હે. ૦–૬૩–૭૪ ચો.મી.માંથી હે.૦–૬૩–૭૪ ચો.મી. વાળી ખેતીની જમીન માંથી અમારા અસીલશ્રીએ ગજેરા પ્રવિણભાઈ જાદવભાઈ પાસેથી રજી. વેચાણ દસ્તાવેજ નં–૧૬૪૫/૨૩ તા. ૨૩/૦૮/૨૦૨૩ થી યોગ્ય અવેજ ચુકવી ખરીદ કરેલ છે.**

તા. ૦૧/૧૨/૨૦૨૩
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

## જાહેર નોટિસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ (એડવોકેટ)** તે અમારા અસીલશ્રી **Teq Green Power XII Private Ltd.** ની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલ્કત નીચેની વિગેતે ખરીદ કરેલ છે,

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ–વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૩(ત્રણ)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડી થી જાણ કરવી. દિવસ –૦૩ નો સમય વિત્યાબાદ કોઈ ના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે :– નિલવળા ગામના, ખેડ ખાતા નં–૪૦૮ રે.સ.નં. ૨૧૨/૨/ પૈકી ૨ ની કુલ જમીન હે. ૧–૪૩–૬૫ ચો.મી.માંથી હે.૦–૪૮–૫૭ ચો.મી. વાળી ખેતીની જમીનમાંથી અમારા અસીલશ્રીએ (૧) જનુબેન વલકુભાઈ બસીયા (૨) બેનાબેન વલકુભાઈ બસીયા (૩) નયનાબેન વલકુભાઈ બસીયા (૪) ભયલુભાઈ વલકુભાઈ બસીયા (૫) ગુલાબબેન વલકુભાઈ બસીયા વેચાણ દસ્તાવેજ નં– ૧૮૧૨/૨૩ તા. ૨૭/૦૯/૨૦૨૩ થી યોગ્ય અવેજ ચુકવી ખરીદ કરેલ છે.**

તા. ૦૧/૧૨/૨૦૨૩
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીનાં જેશીંગપરા નજીક આવેલ

હજારો વાહનો તથા મુસાફરો પસાર થતાં હોય છે. જેસીંગપરા વિસ્તારનાં લોકોને ગજેરાપરા, બહારપરા, સુખનાથપરા, સરદાર ચોક, ચકકરગઢ રોડ, બટારવાડી, હીરામોતી ચોક, સાવરકુંડલા ચોકડી, વગેરે જેવા વિસ્તારમાં જવા માટે સૌથી સરળ અને અનુકુળ આ જુના પુલવાળો રસ્તો રહે છે.જેથી કરીને જુના પુલ ઉપરથી લોકોની અવરજવર વધુ રહે છે. માટે કોઈ મોટો અકસ્માત સર્જાય અને લોકોનો જીવ જોખમમાં મુકાય તે પહેલા આ જુના પુલની બંને બાજુ રેલીંગ કરવા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીએ અંતમાં માંગ કરેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું સા.કુંડલા : સામાન્ય ગુન્હામાં ઝડપાયેલ

કયારેક રસ્તામાં પડેલ મોબાઈલ ઉઠાવી ખિસ્સામાં મુકી દીધેલ હોય તો કયારેક કોઈ વ્યકિત પોતાનો મોબાઈલ કોઈ સ્થળે ભૂલી ગયેલ હોય તો તે ઉપાડી લીધેલ હોય કયારેક સાતમ આઠમ જેવા તહેવારોમાં માત્ર મનોરંજન ખાતર બે પાંચ રૂપિયાના જુગાર રમતા પકડાયા હોય આવા યુવાનોને પોલીસ સ્ટેશનના પ્રાંગણમાં નીચે જમીન ઉપર બેસાડી પાછળ પોલીસ કર્મચારીઓ ઊભા રહી ફોટો ખેંચાવી જાહેર મીડિયામાં મૂકવાથી આ કુમળા માણસ ઉપર ખૂબ જ ખરાબ અસર થાય છે. જાહેર સમાજમાં તેને નીચા જોવા જેવું થાય છે. આ યુવાનની સાથે સમગ્ર પરિવારની પણ બદનામી થાય છે. આવી ઓળખ જાહેર થવાથી તેને કયાંય નોકરી કે ધંધો મળતો નથી. આ ઉપરાંત તેનું વેવીશાળ કે લગ્ન સંબંધ થવામાં પણ વિલંબ થાય છે. કયારેક એવું પણ બને કે એકવાર ફોટો જાહેર થવાથી શરમ કે ઈજ્જત કે આબરૂ જવાનો ભય દૂર થઈ જાય છે અને વધુ ગુના આચરવા પ્રેરણા મળે છે.આ પ્રથા તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવે તે સમગ્ર માનવ સમાજ માટે એક રચનાત્મક કાર્ય ગણાશે. આવી પ્રથાને બદલે આવા નાના ગુનાઓમાં પકડેલા યુવાનોને સાયકોલોજીસ્ટ કે સાઈક્રાટિસ્ટ નિષ્ણાતો પાસે ફરજિયાત અમુક સમય સુધી કાઉન્સેલિંગ દ્વારા મનોવિજ્ઞાનિક ઢબે તેમની વિચારસરણી બદલવા પ્રયાસો થવા જરૂરી છે. જેથી અવળા રસ્તે વધુ આગળ વધતા અટકીને સમાજના મુખ્ય પ્રવાહમાં ભળી પોતાનું અને પોતાના પરિવારનું કલ્યાણ કરી શકે.

## જાહેર સમન્સ

**અમરેલીના મહે. ચોથા એડીશ્નલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ. અમરેલી.**

રે.દિ.મુ.નં. ૩૪/૨૦૨૦
મુદત તારીખ : ૦૪/૦૧/૨૦૨૪

વાદી :– યુકો બેન્ક, અમરેલી શાખા
જેના ઈન્ચાર્જ મેનેજરની હેસીયતથી હાલનો દાવો લાવેલ છીએ.
**ભાવેશભાઈ જેઠાભાઈ ખાંભુ,**
ઉ.વ.૨૯ ધંધો : નોકરી, હાલ : ઈન્ચાર્જ મેનેજર યુકો બેન્ક,
મુ. અમરેલી, તા.જી. અમરેલી.

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– (૧) રિંકલબેન અરવિંદભાઈ માલવીયા
રહે. સુરત, ઠે.એ–૨૦૩, માનસરોવર સોસાયટી, યોગીચોક, વરાછા, મો. ૯૯૭૯૧ ૬૧૯૬૨.
(૨) અરવિંદભાઈ વલ્લભભાઈ માલવીયા
(૩) મગનભાઈ ખોડાભાઈ માલવીયા
રહે. નંબર ૨ તથા ૩ અલીઉદેપુર, તા. લાઠી, જી. અમરેલી.

ઉપરોકત જણાવ્યા મુજબના વાદીની પ્રતિવાદી પાસે દાવાવાળી બાકી લ્હેણી રકમ રૂા. ૪,૨૪,૩૦૧/– પૈસા અંકે રૂપીયા ચાર લાખ ચોવીસ હજાર ત્રણસો એક પુરાની રકમ દાવા તારીખથી વસુલ થતા સુધી ૧૨.૧૦% ના ચડત વ્યાજસહ તથા દાવાના તમામ ખર્ચસહ મેળવવા અને આ કામના પ્રતિવાદી પાસેથી તેમની જાત અને મિલકત માહેથી વસુલ અપાવવા વાદી બેંકની લેણી રકમ વસુલ અપાવવા હુકમ કરવા માટે વાદીએ હાલનો દાવો પ્રતિવાદી વિરૂધ્ધ અત્રેની કોર્ટમાં દાખલ કરી તે બદલ ફરીયાદ કરી છે, માટે તમને આ ઉપરથી ફરમાવવામાં આવે છે કે **તારીખ ૦૪ થી માહે જાન્યુઆરી સને ૨૦૨૪** ના રોજ સવારે ૧૦:૩૦ વાગે સદરહુ દાવાનો જવાબ આપવા આ કોર્ટમાં તમારે જાતે અથવા કોર્ટના જે પ્લીડરને તમારી હકીકત બરાબર સમજાવી હોય તથા જે એ ફરીયાદના સઘળા સવાલના જવાબ દઈ શકે તેવા કોઈ બીજા શખ્સને તે પ્લીડરની સાથે રાખીને તે પ્લીડર મારફત હાજર થવું માટે તે દીવસે તમારે તમારા સઘળા લેખીત પુરાવા જેના ઉપર તમે તમારા બચાવનો આધાર રાખતા હોય તે હાજર કરવાને તમારે તૈયાર થઈ રહેવું.

અને તમને આ ઉપરથી નોટીસ આપવામાં આવે છે કે જો ઉપર જણાવેલ દીવસે તમે હાજર નહી થાઓ તો તમારી ગેરહાજરીમાં એ ફરીયાદ સાંભળીને તેનો નિકાલ કરવામાં આવશે.

વળી તમને એવી નોટીસ આપવામાં આવે છે કે નિદીષ્ટ કરેલી તારીખે તે પહેલા બજવણી માટે પતો લખવાની તમે કસુર કરો તો તમારા બચાવ પર ધ્યાન આપવામાં આવશે નહીં.

આજ તા. ૩૦મી માહે નવેમ્બર સને ૨૦૨૩ ના રોજ મારી સહી અને કોર્ટનો સિકકો કરી આપ્યો.

| તૈયાર કરનાર | સિક્કો | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|---|
| (આર.કે. પાવરા) | | (એચ.એમ. આસ્તીક) | (જે.એ. જોષી) |
| આસીસ્ટન્ટ | | આસીસ્ટન્ટ | રજીસ્ટાર |
| | | | પ્રિન્સીપાલ સીની. સીવીલ કોર્ટ |
| | | | અમરેલી |

## જાહેર નોટિસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ (એડવોકેટ)** તે અમારા અસીલશ્રી **Teq Green Power XII Private Ltd.** ની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલ્કત નીચેની વિગેતે ખરીદ કરેલ છે,

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ–વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૩(ત્રણ)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડી થી જાણ કરવી. દિવસ –૦૩ નો સમય વિત્યાબાદ કોઈ ના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે :– ગમાપીપળીયા ગામના, ખેડ ખાતા નં–૪૯૯ રે.સ.નં. ૨૪૮ પૈકી ૧/પૈકી ૧ ની કુલ જમીન હે. ૧–૯૫–૨૭ ચો.મી.માંથી હે.૦–૬૨–૩૦ ચો.મી. વાળી ખેતીની જમીનમાંથી અમારા અસીલશ્રીએ (૧) શાંતાબેન પરશોતમભાઈ (૨) કૈલાસબેન પરશોતમભાઈ (૩) ગોરધનભાઈ પરશોતમભાઈ (૪) કમલેશભાઈ પરશોતમભાઈ (૫) જયોત્સનાબેન પરશોતમભાઈ પાસેથી રજી. વેચાણ દસ્તાવેજ નં– ૧૭૦૩/૨૩ તા. ૩૧/૦૮/૨૦૨૩ થી યોગ્ય અવેજ ચુકવી ખરીદ કરેલ છે.**

તા. ૦૧/૧૨/૨૦૨૩
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

## જાહેર નોટિસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ (એડવોકેટ)** તે અમારા અસીલશ્રી **Teq Green Power XII Private Ltd.** ની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલ્કત નીચેની વિગેતે ખરીદ કરેલ છે,

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ–વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૩(ત્રણ)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડી થી જાણ કરવી. દિવસ –૦૩ નો સમય વિત્યાબાદ કોઈ ના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે :– મીયાખીજડીયા ગામના, ખેડ ખાતા નં–૧૧૨ રે.સ.નં. ૧૨૫ની કુલ જમીન હે. ૦–૯૨–૦૭ ચો.મી.માંથી હે.૦–૪૫–૮૪ ચો.મી. વાળી ખેતીની જમીનમાંથી અમારા અસીલશ્રીએ (૧) રમાબેન ખીમાભાઈ ભાલુ (૨) હિતેશભાઈ ખીમાભાઈ ભાલુ (૩) સંદિપભાઈ ખીમાભાઈ ભાલુ (૪) ભારતીબેન ખીમાભાઈ ભાલુ પાસેથી રજી. વેચાણ દસ્તાવેજ નં– ૧૯૦૦/૨૩ તા. ૧૩/૧૦/૨૦૨૩ થી યોગ્ય અવેજ ચુકવી ખરીદ કરેલ છે.**

તા. ૦૧/૧૨/૨૦૨૩
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

## કોંગ્રેસ મુકત ભારતનાં નારા વચ્ચે જનતા કોંગ્રેસને સ્વીકારવા તૈયાર હોવાનું અનુમાન

# પાંચ રાજયોની ચૂંટણીનાં એકિઝટ પોલમાં કોંગ્રેસ તરફી માહોલ

### કોંગ્રેસ પક્ષને છત્તીશગઢ અને તેલગંણામાં સ્પષ્ટ બહુમતી મળે તેવું અનુમાન

અમરેલી, તા. ૩૦

દેશનાં મહત્વનાં ૪ સહિત ઉત્તર–પૂર્વનાં એક રાજય મળી કુલ પાંચ રાજયોની ચૂંટણી આજે પૂર્ણ થઈ છે. જેની મત ગણતરી ૩ ડિસેમ્બરને રવિવારે યોજાશે. તે પહેલા આજે દેશની જુદી–જુદી સર્વે એજન્સી અને ટીવી ચેનલો ધ્વારા એકિઝટ પોલ જાહેર

### રાજસ્થાનમાં પણ કોંગ્રેસ અને ભાજપ વચ્ચે કાંટે કી ટકકરનું અનુમાન જોવા મળેલ છે

કરવામાં આવેલ છે.

જેમાં કોંગ્રેસ પક્ષને પાંચ રાજયોમાંથી ૩ થી ૪ રાજયમાં અને ભાજપને ૧ થી ૨ રાજયમાં સફળતા મળે તેવું સરેરાશ અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. છત્તીશગઢ, તેલંગણામાં કોંગ્રેસની સરકાર તો મધ્યપ્રદેશમાં ભાજપની સરકાર અને

### મિઝોરમમાં કોંગ્રેસનાં સાથ વગર પ્રાદેશિક પક્ષ સરકાર બનાવી શકશે નહી

રાજસ્થાનમાં ભાજપ–કોંગ્રેસ વચ્ચે કાંટે કી ટકકર અને મિઝોરમમાં કોંગ્રેસ પક્ષની મદદ વગર પ્રાદેશિક પક્ષોને સરકાર બનાવવી મુશ્કેલ બને તેવું લાગી રહ્યું છે.

એક તરફ ભાજપનાં નેતાઓ કોંગ્રેસ મુકત ભારત કરવાનાં સપના નિહાળી રહ્યા છે પરંતુ એકિઝટ

### મધ્યપ્રદેશમાં ભાજપને સફળતા મળે તેવું એકિઝટ પોલનું તારણ

પોલનાં તારણ મુજબ જનતા જનાર્દનને કોંગ્રેસ પક્ષ પર વિશ્વાસ વધી રહ્યો હોય તેવું તારણ નીકળી રહ્યું છે.

જો કે સમગ્ર ચિત્ર રવિવારે બપોરનાં ૧૨ વાગ્યા આસપાસ સ્પષ્ટ થશે ત્યાં સુધી રાજકીય પક્ષો પોતપોતાની જીતનાં દાવાઓ રજૂ કર્યા કરશે.

---

### બાબરા નજીક આવેલ

## ચમારડી ગામે દાદરો ઉતરવા જતાં અકસ્માતે પડી જતાં આધેડનું સારવારમાં મોત

### તા. ૧૪/૧૧નાં રોજ બનેલ બનાવમાં ૨૮/૧૧નાં મૃત્યુ નિપજયું

અમરેલી, તા. ૩૦

બાબરા તાલુકાનાં ચમારડી ગામે રહેતા હસમુખભાઈ ગોગનભાઈ ચોવડીયા નામનાં ૪૨ વર્ષિય આધેડ ગત તા. ૧૪/૧૧નાં રોજ સવારે ૭ વાગ્યાનાં સમયે પોતાના ઘરે દાદરો ઉતરતાં હતા ત્યારે અકસ્માતે તે પીડ જતાં તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તે કોમામાં જતાં રહેલ હોય. તેમનું ગત તા. ૨૮/૧૧નાં રોજ રાત્રીનાં સમયે સારવાર દરમિયાન મોત નિપજયાનું બાબરા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### બાબરા નજીક આવેલ

## વલારડી ગામે ખેતરમાં સનેડામાંથી પડી જતાં આધેડનું ગંભીર ઈજાથી મોત

### પોતાના ખેતરમાં સનેડો ચલાવતી વખતે બન્યો બનાવ

અમરેલી, તા. ૩૦

બાબરા તાલુકાનાં વલારડી ગામે રહેતા જગદિશભાઈ ઉકાભાઈ રજોડીયા તથા કેશુભાઈ વશરામભાઈ રજોડીયા ગત તા. ૨૯નાં રોજ સવારે સાડા સાત વાગ્યાનાં સમયે કેશુભાઈનાં ખેતરમાં સનેડો ચલાવતા હોય. ત્યારે કેશુભાઈ નસેડામાં પાછળ ઉભા હોય અને અચાનક જ ખેતરમાં વચ્ચે ધોરીયો આવતાં અને સનેડામાં આંચકો આવતા કેશુભાઈ સનેડામાંથી નીચે પડી જતાં તેમને ગંભીર ઈજા થતાં તેમનું મોત નિપજયાનું બાબરા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### વ્હીસલ બ્લોઅર પ્રતાપ ખુમાણની માંગ

## સા.કુંડલા : સામાન્ય ગુન્હામાં ઝડપાયેલ સગીર વયનાં બાળકોનો ફોટોગ્રાફ જાહેર ન કરો

### રાજયનાં પોલીસ વડાને પત્ર પાઠવી રજૂઆત કરી

સાવરકુંડલા, તા. ૩૦

સાવ સામાન્ય મામુલી ગુનામાં તદ્દન નાની વયના કુમળા યુવાઓના ફોટા જાહેર ન કરવા બાબતે સાવરકુંડલા પ્રતાપ ખુમાણની રાજયના પોલીસ વડા વિકાસ સહાયને પત્ર દ્વારા રજૂઆત કરવામાંઆવી છે.છેલ્લા થોડા વર્ષોથી ગુજરાત રાજયના વિવિધ શહેરના પોલીસ સ્ટેશનના સોશ્યલ મીડિયા પેજ ઉપર તથા સ્થાનિક અખબારોમાં કે સ્થાનિક ચેનલો ઉપર સાવ મામૂલી સામાન્ય પ્રકારના ગુનામાં અને એ પણ પ્રથમ જ વાર નાની વયના કુમળા યુવાનો કે જેમનો ભૂતકાળ એક પણ પ્રકારના ગુનાઓ સાથે જોડાયેલ નથી કયારેક લોભ કે લાલચમાં મોકાનો ફાયદો ઉઠાવી લાંબુ વિચાર્યા વગર

અનુસંધાન પાના ૬ ઉપર

### કમોસમી વરસાદનાં કારણે

## સાવરકુંડલા પંથકમાં શાકભાજીનાં ભાવો આસમાને : ગૃહિણીઓ પરેશાન

### ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારો મુશ્કેલીમાં

સાવરકુંડલા, તા. ૩૦

સાવરકુંડલા શહેરમાં હાલના સમયમાં ભર શિયાળે શાકભાજીના ભાવ આસમાને..!! ગરીબ વર્ગને તો હવે બે ટંકના શાકભાજી ખરીદવા માટે ભારે મુશ્કેલી. બટાકા, ટામેટાં રીંગણાં, દુધી જેવા શાકભાજી પણ મોંઘા દાટ.. શાકભાજીના વિકલ્પ તરીકે કઠોળના ભાવમાં પણ વધારો. એક તો કમરતોડ ભાવવધારો અને એમાં પણ માવઠાંને લીધે ખેતી ક્ષેત્રે થયેલું નુકસાન. ખેતી આધારિત વ્યવસાય સાથે સંકળાયેલા લોકોને તો પડયા ઉપર પાટું જેવી સ્થિતિ. માવઠાંને કારણે શીંગતેલના ભાવમાં પણ વધારો. દેશનાં શેરમાર્કેટમાં તેજી પરંતુ ગરીબ વર્ગના લોકોને પેટ



ભરવું પણ કપરું.. આમ ગણીએ તો શિયાળામાં સામાન્ય રીતે લીલાં શાકભાજીનું ઉત્પાદન મબલખ થતું હોય છે. પરંતુ આ વખતે કમોસમી વરસાદે કઠણાઈ સર્જી.. સખત મહેનત કરીને જીવન વ્યતીત કરતાં ગરીબ વર્ગ પર જાણે વીજળી પડી હોય તેવી હાલત.

---

### અગાઉ ૬૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ ઝડપાયા બાદ પુનઃ

# બાબરા પાલિકાનાં નગરસેવિકાનાં પતિનાં ગોડાઉનમાંથી 3 હજાર આયુર્વેદિક સીરપની બોટલ ઝડપાઈ

### સ્થાનિક પોલીસે શંકાસ્પદ બોટલને એફએસએલ માટે મોકલી આપી





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

નગરસેવિકાનાં પતિ મુળશંકર મણિશંકર તેરૈયાનાં ગોડાઉનમાંથી આયુર્વેદિક સીરપની ૩ હજાર બોટલ ઝડપાતા સ્થાનિક પોલીસે બોટલનું પરીક્ષણ કરવા માટે એફએસએલ માટે મોકલવાની તૈયારી શરૂ કરવામાં આવી છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, થોડા મહિના પહેલા પણ પોલીસે આજ વ્યકિતનાં કબ્જામાંથી લાખો રૂપિયાની કિંમતનો સીરપનો જથ્થો ઝડપી લીધો હતો.

### તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીની માંગ

## અમરેલીનાં જેશીંગપરા નજીક આવેલ જુના પુલની રેલીંગની મરામત કરો

### કોઈ મોટો અકસ્માત સર્જાઈ તે પહેલા કાર્યવાહી જરૂરી

અમરેલી, તા. ૩૦

અમરેલીનાં જેશીંગપરા વિસ્તારને મુખ્ય શહેર સાથે જોડતા જુના પુલની રેલીંગ તુટી ગયેલ હોવાથી ગમે ત્યારે મોટો અકસ્માત થવાની શકયતા રહેલી છે.

આ પુલ ઉપરથી રોજ

અનુસંધાન પાના ૬ ઉપર



### અમરેલી જિલ્લા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીનું નિવેદન

## અમરેલીની આર.ટી.ઓ. કચેરીના ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેકમાં રિપેરીંગ કામગીરી પ્રગતિમાં

### રિપેરીંગ કામ પૂર્ણ થયેથી ટેસ્ટ માટેની કામગીરી પુનઃ શરૂ થશે

અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીના ટેસ્ટ ટ્રેકમાં ટેકિનકલ ફોલ્ટને લીધે ટેસ્ટ ટ્રેક બંધ છે. અને તેનું રિપેરિંગ કામ પ્રગતિ તળે છે. આથી પાકા લાઈસન્સના ટેસ્ટ માટેની કામગીરી હાલમાં બંધ છે. રિપેરિંગ કામ પૂર્ણ થયેથી ટેકિનકલ ફોલ્ટ દૂર થયેથી પાકા લાઈસન્સના ટેસ્ટ માટેની કામગીરી પુનઃ શરુ કરવામાં આવશે. અમરેલી જિલ્લાના નાગરિકોને આ અંગે નોંધ લેવા અમરેલી જિલ્લા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.






### ચેમ્બરનાં પ્રમુખ મુન્નાભાઈ મલકાણની રજૂઆત બાદ

## બાબરાને મામલતદાર કચેરી, એસ.ટી. ડેપો, સિવિલ હોસ્પિટલ સહિતની સુવિધાઓ મળવાની શકયતા

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા યોગ્ય કરવા ખાત્રી અપાઈ

બાબરા, તા. ૩૦

બાબરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ મુન્નાભાઈ મલકાણા દ્વારા બાબરા શહેરની મુખ્ય લોકોપયોગી જરૂરિયાતને ધ્યાને લઈને બાબરા શહેરની જનતાની સુખાકારી વધારવાના ઉમદા હેતુસર બાબરા તાલુકાના તેમજ બાબરા શહેરના લોકો માટે નવી મામલતદાર કચેરીની સુવિધાઓ આપવાની ખાત્રી આપવામાં આવી છે.



તેમજ બાબરા શહેરમાં વેપારી ભાઈઓ તેમજ મુસાફરોને મુસાફરી માટે પડતી મુશ્કેલીને ધ્યાને લઈને નવા એસ.ટી. ડેપો માટે સરકારનું ધ્યાન દોરતા નવા એસ.ટી. ડેપો વર્કશોપ સાથેની સુવિધા યુકત ડેપો સરકાર દ્વારા બાબરા શહેરની જનતાને પ્રાપ્ત થશે અને બાબરા શહેરમાં વર્ષો જૂની સામૂહિક આરોગ્ય કેન્દ્રને નવીનીકરણ માટે ચેમ્બર પ્રમુખ મુન્નાભાઈ દ્વારા

અનુસંધાન પાના ૬ ઉપર





*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)